RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 297, Dt.05-3-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત પર ૧૦૦% સુધી ટેરીફ લાગુ થશે

## ટ્રમ્પની જાહેરાતઃ જેઓ અમેરિકા પર ટેરીફ લાદશે તેટલા અમેરિકા વસુલ કરશે : ભારતના કૃષિ, આઈટી, ફાર્મા, ટેક્ષટાઈલ ક્ષેત્રને મોટી અસર થશે





**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે સવારે (ભારતીય સમય મુજબ) અમેરિકન સંસદ (કોંગ્રેસ) ના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. તેમણે ૧ કલાક ૪૪ મિનિટનું રેકોર્ડબ્રેક ભાષણ આપ્યું. તેમના પાછલા કાર્યકાળમાં તેમણે ફક્ત ૧ કલાક ભાષણ આપ્યું હતું.

તેમણે પોતાના ભાષણની શરૂઆત નઅળયશિભફ ઈત ઈફભસથ થી કરી એટલે કે અમેરિકાનો સુવર્ણ યુગ પાછો આવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે ૪૩ દિવસમાં જે કર્યું છે તે ૪ વર્ષમાં બાઈડન સરકાર કરી શકી નથી

ટ્રમ્પે ૨ એપ્રિલથી જેવા સાથે તેવા બનીને ટેરિફ લાદવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે ભારત અમારી પાસેથી ૧૦૦% થી વધુ ટેરિફ વસૂલ કરે છે, અમે પણ આવતા મહિનાથી આવું જ કરવા જઈ રહ્યા છીએ.

અમેરિકામાં શાસન સંભાળ્યાના પુરા બે માસ બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે દુનિયાના દેશો સામે ટેરીફ વોરની અમેરિકાની સંસદના સંયુક્ત સત્રમાં જાહેરાત કરીને ભારત પણ તેની ફાયરીંગ લાઈનમાં હોવાનો સંદેશ આપી દીધો છે.

ભારે ઉતેજના અને ઉન્માદ વારંવાર અમેરિકા-અમેરિકા-અમેરિકાના રીપબ્લીકન સાંસદોના નારા તથા બાઈડન તંત્રની યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કી પ્રત્યે આકરા શબ્દો વચ્ચે ટ્રમ્પે નઅમેરિકા ઈઝ બેકથના નારો આપતા જાહેર કર્યુ કે દુનિયાના દેશોએ છટકામાંથી અમેરિકાને લુંટયુ છે પણ હવે હું તેમ થવા દઈશ નહી.

મિત્રો કે દુશ્મનો જ્યાં અમેરિકા પર ટેરીફ લાદશે તેના પર અમેરિકા ટેરીફ લગાવશે જેનો પ્રથમ અમલ શરૂ થઈ ગયો છે. પોતાના પ્રથમ સંબોધનમાં ટ્રમ્પે ટેરીફથી લઈને ટ્રાન્ઝજેન્ડર અને યુક્રેનથી રશિયા તમામ મુદાઓ આવરી લીધા હતા.

ટ્રમ્પે જાહેર કર્યુ કે, તા.૨ એપ્રિલથી ટેરીફ સામે ટેરીફ રેસીપ્રોકલ ટેરીફ શરૂ થશે. ટ્રમ્પે તેમના ઉદબોધનમાં ચીન, કેનેડા, મેક્સીકો સાથે ભારતનું પણ નામ લીધુ હતું અને તા.૨ એપ્રિલથી અમેરિકામાં આયાત થતા તમામ કૃષી ઉત્પાદનો પર ૧૦૦% ટેરીફ વસુલવામાં આવશે તેવુ જાહેર કર્યુ હતું.

ટ્રમ્પે જણાવ્યું કે આપણે કેનેડા-મેક્સીકોને અબજો ડોલરની સબસીડી આપીએ છીએ પણ હવે અમેરિકા તેવું કરશે નહી. તેઓએ ચીન-તાઈવાનને નિશાન બનાવતા સેમીકન્ડકટર-ચીપના ઉત્પાદન માટે અમેરિકામાં વિદેશી કંપનીઓને ખાસ પ્રોત્સાહન આપવા જાહેરાત કરી હતી અને શ્રી ટ્રમ્પે ફરી ટેરીફનો ઉલ્લેખ કરતા કહ્યું કે અગાઉ થયુ નથી તે હવે થશે.

તેઓએ ભારતનો સીધો ઉલ્લેખ કરતા કહ્યુ કે ભારત આપણી પાસેથી ૧૦૦% ટેરીફ વસુલે છે અને ઓટો ટેરીફનો ૧૦૦%થી પણ વધુ છે તો હવે અમેરિકામાં ૧૦૦% ટેરીફ વસુલશે. તેઓએ ખાસ કૃષી ઉત્પાદનોનો ઉલ્લેખ કરતા કહ્યું કે તે બહુ ગંદા અને નકામા હોય છે તે ટેસ્ટીંગ વગર જ અમેરિકામાં વેચાય છે અને અમેરિકી ખેડુતોના હિતો જોખમાય છે. વિદેશી આયાત પર ટેરીફ અપાઈ અમેરિકાના ખેડુતોને સુરક્ષિત કરાશે. તેઓએ ભારત-ચીન વ્યાપાર નીતિ અમેરિકા માટે અન્યાય હોવાનું જાહેર કર્યુ હતું. તેઓએ સ્વીકાર્યુ કે તેનાથી થોડી મુશ્કેલ અમેરિકી જનતાને થશે પણ તેનો સામનો કરવો પડશે.

તેઓએ કહ્યું કે, જે ઉત્પાદનોની કિંમત વધી છે તેમાં હું ખાતરી આપુ છું કે તે સસ્તી બનાવી આપીશ. મારી પ્રાથમીકતા આપણા અર્થતંત્રને બચાવવાની અને આપણા લોકોને રાહત આપવાની છે. હવે ટ્રમ્પની આ જાહેરાતથી ભારતના ફાર્મા, ટેક્ષટાઈલ, કૃષી, આઈટી સહિતના ક્ષેત્રોને અસર થશે. ભારતની નિકાસને પણ ફટકો પડી શકે છે.

## રમજાનમાં જ પાકિસ્તાન આતંકવાદી બોંબ ધડાકાથી ધણધણી ઉઠયુ:૧૨થી વધુના મોત

**મુખ્ય સમાચાર,કરાંચી**

રમજાનનાં પવિત્ર મહિનામાં જ પાકિસ્તાન ફરી આતંકવાદી બોંબ ધડાકાથી ધણધણી ઉઠયુ હતું. ખૈબર પુખ્તુનખ્વામાં બન્નુ છાવણી પાસે પ્રચંડ બોંબ ધડાકામાં સાત બાળકો સહિત ૧૨ લોકોના મોત નીપજયા હતા.બોંબ વિસ્ફોટ એટલો શકિતશાળી હતો કે તેમાં મસ્જીદની છત પણ ધરાશાયી થઈ હતી. આત્મઘાતી હુમલાખોરોએ વિસ્ફોટકો ભરેલી બે કાર સુરક્ષા ચોકીમાં ઘુસાડી દીધી હતી.

રમજાનમાં રોઝા છોડવાના સમયે જ આ હુમલો કરાયો હતો અને લોકોની ભીડ હતી. વિસ્ફોટ બાદ ત્રાસવાદીઓ તથા સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી તેમાં ૬ ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર સુરક્ષાદળો અને હુમલાખોરો વચ્ચે સર્જાયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ૩૫ થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. આ આતંકી હુમલા પાછળ જૈશ ઉલ ફુરસાન સંગઠનનો હાથ હોવાની જાણકારી છે. આ સંગઠન પાકિસ્તાની સૈન્યના ગઠબંધન હાફિઝ ઉલ બહાદુરનો હિસ્સો રહે છે અને તાજેતરમાં જ આ સંગઠને ટીટીપી સાથે હાથ મિલાવ્યા હતા. અહેવાલ અનુસાર



આતંકીઓએ બે કાર બોમ્બનો ઉપયોગ કર્યો હતો જેથી સુરક્ષાદળોનું ધ્યાન ભટકાવી શકાય. તેના પછી તાત્કાલિક ટારગેટેડ હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલો રમઝાન મહિનામાં રોઝા ખોલવા માટે ઈફ્તારની તાત્કાલિક બાદ કરવામાં આવ્યા હતા. અહીં આર્મી કેન્ટના સુરક્ષા બેરિયર પર હુમલો કરાયો હતો. આ હુમલામાં ૫ થી ૬ આતંકીઓ સામેલ હોવાની જાણકારી મળી હતી.

## ગ્રેડ પે મુદ્દે રાજયભરના આરોગ્ય કર્મચારીઓનો ગાંધીનગરમાં હલ્લાબોલ

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર શરૂ છે. એવામાં ગ્રેડ પે અને ટેકનિકલ ગ્રેડ પે મુદ્દે રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યભરના કર્મચારીઓએ આ અગાઉ માસ ઈકની રજા પણ વિભાગ પાસે માંગી છે.

કર્મચારીઓ દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવેલા આંદોલનમાં કર્મચારીઓ પોતાની માંગણી રજૂ કરી રહ્યા છે. જેમાં ખાતાકીય પરીક્ષા રદ કરવી, ટેક્નિકલ કર્મચારી ગણી ગ્રેડ પે સુધારવો, ૭ ાફુ મુજબ ાફિ આપવું, જેવી માંગણીઓ સૂત્રોચારના



માધ્યમથી રજૂ કરી રહ્યા છે.

અગાઉ વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી વખતે આંદોલનોમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા અમુક માંગો સંતોષી આંદોલન સમેટાઈ લેવામાં આવતું હતું.હવે ચૂંટણીના બે વર્ષ પછી આરોગ્ય કર્મચારીઓએ ફરી સરકાર સામે બાંયો ચઢાવી છે અને ગાંધીનગરમાં જ્યારે વિધાનસભા સત્ર ચાલે છે ત્યારે આંદોલન શરૂ કરી દીધું છે.

## ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં જગ્યા બનાવી

### ભારત ચેમ્પિયન્સ ટ્રોફીમાં સતત પાંચમી વખત ફાઇનલમાં પહોંચ્યુ : ટુર્નામેન્ટ હોસ્ટ પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું

**મુખ્ય સમાચાર, દુબઈ**

વિરાટ કોહલીની શાનદાર ઈનિંગના આધારે ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. આ સાથે ભારતે ૨૦૨૩ ODI વર્લ્ડ કપની ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામેની હારનો બદલો પણ લઈ લીધો છે.

ભારતીય ટીમ ટુર્નામેન્ટમાં અપરાજિત રહીને ફાઇનલમાં પહોંચી છે. આ સતત ત્રીજી વખત છે જ્યારે ભારત મર્યાદિત ઓવરોના ફોર્મેટ ICC ટૂર્નામેન્ટની ટાઇટલ મેચમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે.

ભારતે ઓસ્ટ્રેલિયાને ૪ વિકેટે હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. દુબઈમાં રમાયેલી આ સેમીફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પહેલા રમતા ૨૬૪ રન બનાવ્યા હતા. જવાબમાં ટીમ ઈન્ડિયાએ આ લક્ષ્યાંક ૧૧ બોલ બાકી રહેતા ૪ વિકેટે મેળવી લીધો હતો. ભારતની જીતમાં સૌથી મોટો ફાળો વિરાટ કોહલીનો હતો, જે મધ્ય ઓવરોમાં ટકી રહ્યો અને ૮૪ રનની ઈનિંગ રમી. ભારતીય ટીમે દુબઈમાં વિજય મેળવ્યો છે. ઓસ્ટ્રેલિયાની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું, આ નિર્ણય ઘણો સારો હતો. ઓસ્ટ્રેલિયા આ ટૂર્નામેન્ટમાં દુબઈના મેદાન પર ૨૫૦ રનના આંકને સ્પર્શનારી પ્રથમ ટીમ બની છે. આમ છતાં તે ૨૬૫ રનના લક્ષ્યને બચાવવામાં નિષ્ફળ રહ્યા. ભારત હવે દુબઈના મેદાન પર ૨૫૦થી વધુ રનના લક્ષ્યનો પીછો કરનાર વિશ્વનો માત્ર ચોથો દેશ બની ગયો છે. ટીમ ઈન્ડિયાએ આ મેચ ૪ વિકેટે જીતી લીધી હતી. આ જીતના હીરો ફાસ્ટ બોલર મોહમ્મદ શમી અને વિરાટ કોહલી હતા. આ જીત સાથે રોહિત બ્રિગેડે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. જ્યાં તેનો મુકાબલો બીજી સેમિફાઇનલની વિજેતા ટીમ સાથે થશે.

બીજી સેમિફાઇનલ ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૫ માર્ચે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાવાની છે. પાકિસ્તાન ચેમ્પિયન ટ્રોફીના હોસ્ટ જોવા છતાં ભારત






ફાઈનલ મેચમાં પહોંચવા થી ૯ માર્ચે મેચ હવે દુબઈમાં જ રમાશે.

ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવાની હેટ્રિક લગાવી છે. આ પહેલા ટીમ ઈન્ડિયાએ ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. ભારતીય ટીમ ૨૦૧૭માં પણ ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ આ વખતે તેને પાકિસ્તાનના હાથે ૧૮૦ રનથી મોટી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે આ સતત ત્રીજી વખત છે જ્યારે ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ રમશે.

## ન્યાયધીશોની અછતના કારણે ઘણા કેસો પેન્ડીંગઃ સુપ્રીમે વ્યક્ત કરી ચિંતા

- **બધી કોર્ટ બોજ હેઠળ છે, જજના પદો ખાલી છે તેના માટે કોઈ તૈયારી નથી કરતુ : સુપ્રિમ કોર્ટ**



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જીલ્લા અદાલતોમાં જજોની અછત પર સુપ્રિમ કોર્ટે ચિંતા વ્યકિત કરી છે અને કારણે પોક્સોના કેસોની સુનાવણીમાં મોડુ થઈ રહ્યું છે. બાળકો સામેનાં અપરાધના કેસોમાં પોક્સો અંતર્ગત કેસ દાખલ કરવામાં આવે છે. સુપ્રિમ કોર્ટે ગઈકાલે જણાવ્યું હતું કે, વિશેષ પોક્સો અદાલતોની રચના તો કરવામાં આવી છે.પરંતુ જજોની અછતના કારણે ઘણા કેસો પેન્ડીંગ થઈ ગયા છે.

જસ્ટીસ બેલા એમ.ત્રિવેદી અને જસ્ટીસ પી.બી.વરાલેની બેન્ચે જાણકારી લેતા પોક્સો એક્ટ અંતર્ગત ન્યાય પ્રક્રિયામાં પ્રેકટીકલ ખામીઓ પર વિચાર કર્યો હતો.આ મામલે રાજયો પાસેથી રિપોર્ટ માંગવામાં આવ્યો છે.

જસ્ટીસ બેલા ત્રિવેદીએ કહ્યું હતું કે પોક્સો અદાલતે અને વિશેષ સરકારી વકીલ મોજુદ છે અને તેની સાથે જોડાયેલા વ્યકિતઓની તાલીમ પણ ચાલુ છે. જોકે જજોની ભારે અછતના કારણે કેસોનો નિકાલ નથી થઈ રહ્યો. અમારી પાસે જજ નથી અમે જજ કયાંથી લાવીએ.દરેક અદાલતો બોજ હેઠળ છે. જજોના પદ ખાલી છે. કોઈ તેની તૈયારી નથી કરતુ. સુપ્રિમ કોર્ટે ૨૫ માર્ચ સુધી મામલાને ટાળ્યો છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતના હવામાનમાં પલ્ટો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

છેલ્લા ૨૪ કલાક કરતા વધુ સમયથી સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં ફરી એકવાર હવામાન પલ્ટો સર્જાયો છે અને ઉનાળાનાં પ્રારંભે જ ઠંડા પવનોથી વાતાવરણ ઠંડુબોળ બની ગયું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉતર-પશ્ચિમનાં અફઘાનિસ્તાન તરફના ઠંડા પવનો હાલ ફુંકાઈ રહ્યા છે. આથી દિવસ અને રાત્રીના તાપમાનમાં ફરી ઘટાડો થતા લોકો ઠંડી અનુભવી રહ્યા છે.

આજરોજ સવારે અનેક સ્થળોએ ૪થી ૬ ડિગ્રી જેટલું તાપમાન ઘટી ગયું હતું નલિયા ખાતે ૬.૨, પોરબંદરમાં ૧૪.૪, રાજકોટમાં ૧૩.૯ તથા અમદાવાદમાં ૧૭.૨, અમરેલીમાં ૧૪.૮, વડોદરા ભાવનગરમાં ૧૮, ભુજમાં ૧૪.૮ ડિસામાં ૧૩.૫ અને દિવમાં ૧૪.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.જયારે જૂનાગઢ અને ગિરનાર પર્વત ઉપર ગઈકાલ મંગળવાર અને આજે બુધવારના પવનની ગતિ ૬૫ કી.મી.ની ઝડપે પવન ફુંકાઈ રહ્યા છે તેજ ગતિથી પવન ફુંકાતા ગિરનાર રોપવે બંધ કરી દેવાયો છે. જેના કારણે પ્રવાસીઓ યાત્રીકો સહેલાણીઓ નીરાશ થઈને પરત ફરી રહ્યા છે તો કેટલાક સીડી મારફતે ગિરનાર ચડી રહ્યા છે.

ગઈકાલે મંગળવારથી વાતાવરણમાં પલ્ટો આવતા સવારથી જ રોપવે સલામતી માટે શરૂ કરી શકયો ન હતો. આખો દિવસ પવન બાદ આજે પણ બુધવારના પણ તેજ પવનના કારણે બીજા દિવસે પણ પવન ફુંકાઈ રહ્યો છે. મા અંબાજી ૫૦૦૦ પગથીયે બીરાજે છે તેના દર્શને આવતા ભાવીકો યાત્રીકો



દર્શન કર્યા વિના જ પરત ફરી રહ્યા છે તો કેટલાક યાત્રીકો પગપાળા સીડી મારફત દર્શને જઈ રહ્યા છે. જામનગર શહેરમાં છેલ્લાં ૨૪ કલાકમાંલઘુતમ તાપમાનનો પારો સડસડાટ ૪ ડિગ્રી નીચે સરકતા લઘુતમ તાપમાન ૧૬.૬ ડિગ્રી પહોંચ્યું હતું. જ્યારે પવનની ગતિ વધીને ૧૦.૨ કિમિ થતા ઠંડીનું મોજું ફરી વળ્યું હતું.તેની સાથે મહતમ તાપમનમાં પણ ૩ ડિગ્રી ઘટીને ૩૦.૫ ડિગ્રી રહ્યું હતું. ત્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૬ ટકાની ઘટ થતા ૩૦ ટકા નોંધાયું હતું.શહેરીજનો કબાટમાં રાખેલ ગરમ વસ્ત્રો ફરી બહાર કાઢીને ગરમ સ્વેટર,ટોપીમાં લપેટાયા હતા.

## અમેરિકી સંસદના સંયુક્ત સત્રને સંબોધન સમયે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બાઈડન તંત્રની આકરી ઝાટકણી કાઢી

### પ્રમુખે એલન મસ્કના વખાણ કરતા જ રીપબ્લીકન સાંસદોએ ઉભા થઈને તાળીઓ પાડી

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકી સંસદના સંયુક્ત સત્રને સંબોધન કરતા સમયે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉના બાઈડન તંત્રની આકરી ઝાટકણી કાઢી હતી અને તેમના પુરોગામી (બાઈડન) ને દેશના સૌથી ખરાબ રાષ્ટ્રપતિ તરીકે ગણાવ્યા હતા. તેઓએ કહ્યુ કે અમેરિકાનો સુવર્ણકાળ ફરી આવી રહ્યો છે. અમેરિકા યોગ્ય દિશામાં આગળ વધી રહીને બાઈડન શાસન સૌથી ખરાબ રહ્યું અને મારા શાસનનો પ્રથમ માસ જ ઐતિહાસિક રહ્યો હતો.

તેઓએ કહ્યું કે અગાઉની સરકારો જે ૪૩ વર્ષમાં કરી શકી નહી તે ૪૩ દિવસમાં કરી આપ્યુ છે પણ આ તો શરૂઆત જ છે. મે દેશને મહાન બનાવવા ૧૦૦ એકઝીકયુટીવ આદેશ પર સહી કરી છે.

ગેરકાનૂની સીમા ઘુસણખોરીને ઘટાડી દીધી છે. ૧૦ જૂના કાનૂન ખત્મ કર્યા છે. હું અમેરિકામાં વાણી સ્વાતંત્ર્યને પરત લાવ્યો છું. તેઓએ કહ્યું કે મારુ માનવુ છે કે તમો ડોકટર છો, એકાઉન્ટન્ટ છો, વકીલ છો કે એરટ્રાફીક કંટ્રોલ તમોને તમારો આવડત અને યોગ્યતાના આધારે નિમણુંક મળશે. કોઈ જાતિ, રંગ, આધાર પર ભેદભાવ નહી હોય સુપ્રીમ કોર્ટે પણ આ સાહસી નિર્ણયને મંજુરી આપી છે.

ટ્રમ્પનો વિરોધ કરવા ડેમોકેટ્રીક



પક્ષના સાંસદો ગુલાબી રંગના પેન્ટશુટ પહેરીને આવ્યા હતા. તેઓએ કહ્યું કે દુનિયાભરના હત્યારા, લુટારા, માનવ દાણચોરી કરનારા અને અન્ય અપરાધી અમેરિકામાં દાખલ થતા હતા. દેશના કેટલાક ભાગો ગેરકાનુનીના કબ્જામાં હતા તેનાથી હવે મુક્તિ અપાવાઈ છે.

ટ્રમ્પે તેમના ભાષણમાં ડિપાર્ટમેન્ટ ઓફ ગર્વમેન્ટ એફિસીયન્સીના વડા એલન મસ્કની પ્રશંસા કરી હતી અને તેણે ખોટા ખર્ચ ઘટાડયા હોવાનો પણ દાવો કર્યો હતો.

ટ્રમ્પે જેવી મસ્કની પ્રશંસા કરી તો સંસદમાં રીપબ્લીકન સાંસદોએ ઉભા થઈને મસ્કના સન્માનમાં તાળીઓ પાડી હતી.

# લાલપુરની ગુજરી બજારના ગેઈટ પાસેથી પ્રૌઢાના કાનમાંથી વેઢલાની ચલાવાઈ લૂંટ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર લાલપુરના સણોસરી ગામના એક પ્રૌઢા લાલપુર શહેરમાં ગુજરીબજાર ગેઈટ પાસેથી જતા હતા ત્યારે એક શખ્સે તેમના કાનમાંથી સોનાના બે તોલા વજનના વેઢલાની લૂંટ કરી પોબારા ભણી લીધા હતા. આ બાબતની પોલીસમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે ગુન્હો નોંધી તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી આરોપીના સગડ દબાવ્યા છે.લાલપુર તાલુકાના સણોસરા ગામમાં રહેતા મટુબેન મેરામણભાઈ ખવા નામના બાવન વર્ષના પ્રૌઢા લાલપુર શહેરમાં ભરાતી ગુજરીબજારના ગેઈટ પાસેથી પસાર થતાં હતા.આ વેળાએ પચ્ચીસેક વર્ષ ની વયનો લાગતો મધ્યમ બાંધાનો એક શખ્સ આવી ચઢયો હતો. આ શખ્સે વીજળીક ઝડપે મટુબેનના કાનમાંથી અંદાજે બે તોલા વજનનો સોનાનો વેઢલો ઝૂંટવી દોટ મૂકી હતી. અચાનક બનેલા આ બનાવથી હેબતાયેલા મટુબેન કંઈ સમજે તે પહેલાં આ શખ્સ પોબારા ભણી ગયો હતો. મટુબેને રૂ. ૯૦ હજારની કિંમતનો સોનાનો વેઢલો લૂંટી જવા અંગે અજાણ્યા શખ્સ સામે લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુન્હો નોંધી તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યું છે.

# મોરબીમાં રૂ.૧૩.૪૦ લાખની ચોરી કરનાર મહિલા સહિત ત્રણ ઝડપાયા

## પોલીસે રોકડ, દાગીના સહિતનો મુદામાલ કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમા શનાળા રોડ ગુજરાત હાઉસીંગ બોર્ડમા ભાડેના મકાનમાં રોકડ અને સોનાના દાગીના ભરેલ થેલો ભુલાય ગયા બાદ તેની ચોરી થયા અંગે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી, જે ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકલી એ ડિવિઝન પોલીસે મહિલા સહિત ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે પોલીસે પકડાયેલ આરોપીઓ પાસેથી ચોરી કરેલ ૧૩.૪૦ લાખની રોકડ અને સોનાના દાગીના સહિત તમામ મુદ્દામાલ પરત મેળવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શનાળા રોડ ન્યુ ગુજરાત હાઉસીંગ બોર્ડ સતેશ્વર મહાદેવ મંદિરની બાજુમા રહેતા હસમુખભાઈ લખમણભાઇ કોઠીયા જેઓનું મકાન બનતું હોય ત્યારે ભાડેના મકાનમાં રહેતા હોય,જે બાદ તેમનું મકાન બની જતા ગત તા. ૨૫/૦૨ના રોજ ભાડેનું મકાન ખાલી કરી પોતાના નવા રહેણાંક મકાનમા સામાન ફેરવેલ તે દરમ્યાન સોનાના દાગીના તેમજ રોકડા રૂપીયા ભરેલ થેલો ભાડે રહેતા મકાનમા ભુલાઈ ગયેલ હોય, ત્યારે ભાડેનું મકાન પણ પાડવાનું હોય, જે મકાન પાડવા માટે મકાન માલિક દ્વારા મજુર લોકોને કામ આપેલ હોય જે મજુરોએ સદરહુ થેલાની ચોરી કરી તેમાથી રોકડ રૂ.૩, ૨૦,૦૦૦/- તથા સોનાના દાગીના કિ.૧૦,૨૦,૦૦૦/. મળી કુલ કિ.રૂ.૧૩,૪૦,૦૦૦/-ની ચોરી થયેલાની ફરીયાદીની ફરીયાદ આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી તપાસની તજવીજ શરૂ કરી હતી.

ઉપરોક્ત ચોરીની પોલીસ તપાસ દરમ્યાન, હયમુન સોર્સીસ તેમજ સી.સી.ટી.વી. એનાલીસીસ મજુરોને શોધી કાઢી સઘન પુછપરછ કરતા, મજૂરોએ કબુલાત આપી કે તેઓ મકાન પાડવા આવેલ ત્યારે મકાનમા એક થેલો હોય તેમા રોકડા રૂપીયા તેમજ સોનાના દાગીના મળી આવતા તેની તેઓએ ચોરી કરી લીધેલ અને ચોરી કરેલ દાગીના અને રોકડ તેના દલવાડી સર્કલ કેનાલ પાસે આવેલ ઝુપડામા છુપાવેલ હોવાનુ જણાવ્યું હતું. જેથી પોલીસે આરોપી રાકેશભાઈ વાગુભાઈ ભીલાભાઈ નીનામા તથા આરોપી મુકેશભાઈ વાગુભાઈ ભીલાભાઇ નીનામા રહે.બંને મોરબી કંડલા બાયપાસ દલવાડી સર્કલ મુળરહે. જાંબુખંદન તા.બાજના જી.રતલામ (એમ.પી) જયોતિબેન રાકેશભાઈ વાગુભાઈ નીનામા ની ધરપકડ કરી હતી, જે બાદ સીટી એ ડિવિઝન પોલીસે પકડાયેલ આરોપીના ઝુપડામાથી ચોરીમા ગયેલ તમામ સોનાના દાગીના કિ.રૂ૧૦,૨૦,૦૦૦/- તથા રોકડા રૂ.૩,૨૦,૦૦૦/- મળી કુલ રૂ.૧૩,૪૦,૦૦૦/-નો મુદામાલ કબ્જે કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# જામનગરના હાપા રેલવે સ્ટેશન રોડ પર રહેતા પરિવારની ૨૨ વર્ષીય પુત્રી લાપત્તા



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના હાપા રેલવે સ્ટેશન વિસ્તારમાં એક યુવતીના ગુમ થવાની ઘટના સામે આવી છે. અર્ચના-૪માં રહેતી હેતલબેન હસમુખભાઈ જોશી ઉંમર ૨૨ પોતાના ઘરેથી અચાનક ગાયબ થઈ ગઈ હતી.અપરિણીત હેતલબેન વિપ્ર સમાજની છે. તેણીના પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો મળ્યો નહોતો. વધુમાં, તેણીનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવી રહ્યો છે.પરિવારજનોએ જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ નોંધાવી છે. પોલીસે તપાસ શરૂ કરી છે અને યુવતીની શોધખોળ કરી રહી છે.

# ગોંડલ પાસે ટેમ્પોએ ઓટો રીક્ષાને ઠોકરે ચડાવતા શ્રમિક મહિલાનું મોત

## શિંગદાણાના કારખાનામાં મજુરી કામે જતી મહિલાને વચ્ચે કાળ આંબી ગયો



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં ગુંદાળારોડ પર સવારનાં સુમારે ઓટોરિક્ષા માં બેસી શિંગદાણાનાં કારખાને મજુરીકામે જઈ રહેલી ત્રણ મહીલાઓ ને અકસ્માત નડતા એક મહીલાનું મોત નિપજ્યુ હતુ.જ્યારે અન્ય બે મહીલાઓ તથા રિક્ષાચાલક ઈજાગ્રસ્ત બન્યા હતા. બનાવ બાદ ઈજાગ્રસ્તોને સારવાર માં ખસેડાયા હતા.તથા મહીલાનાં મૃતદેહ ને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

પ્રામ વિગત મુજબ સવારે સાત કલાકે રિક્ષાચાલક વોરકોટડા રોડ પર રહેતા ઉમેશ મકવાણા ત્રણ મહીલા પેસેન્જર ને લઈ ગુંદાળારોડ પર એસ્ટોન સિનેમાંથી આગળ અવિરત નામનાં શિંગદાણાનાં કારખાને જઈ રહ્યો હતો ત્યારે સામેથી આવી રહેલા ટેમ્પોએ ઠોકર મારતા ત્રણેય મહીલાઓ રિક્ષાની બહાર ફંગોળાઈ હતા.જેમાં રોડ પર પટકાયોલા સાધનાબેન વિશ્વનાથ મરદાને ઉ.૨૦ નું ઘટનાસ્થળે ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ.

જ્યારે અન્ય બે મહીલાઓ તથા રિક્ષાચાલક ઉમેશ ને ઈજા પંહોચતા ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.

મુળ મહારાષ્ટ્ર નાં અને હાલ એક વર્ષ થી જામવાડી શ્રી હોટલ સામે આવેલા બાલાજી ઓઈલમીલ માં રહેતા સાધનાબેન પરણીત હતા.

સંતાન માં એક પુત્ર હોવાનુ અને પતિ વિશ્વનાથ ઓઈલમીલ માં કામ કરતો હોવાનું જાણવા મળેલ હતુ.બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરીછે.

# ચંદ્રેશનગર ના યુવાનની હત્યા કેસમાં આરોપીને જામીન મુક્ત કરતી કોર્ટ

- પ્રેમ સંબંધની શંકાએ યુવકને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારવાના કેસમાં ધરપકડ થઈ તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના ચંદ્રેશનગર વિસ્તારમાં આવેલ ચામુંડાનગરમાં રહેતા કમલેશભાઈ વિનોદભાઈ રાઠોડ નામના યુવાનની નિલેશ વાઘેલા અને આશિષ ઉર્ફે પુગો ટાંક સહિત બંને શખ્સે છરીના પા ઝીંકી કરપીણ હત્યા નીપજાવીયાની માલવીયા નગર પોલીસ મથકમાં મૃતક કમલેશભાઈ ના માતા પારૂલબેન વિનોદભાઈ રાઠોડની ફરિયાદ પરથી બંને શખ્સ સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બાદ નિલેશ વાઘેલાની પત્નીને મૃતક કમલેશભાઈ સાથે પ્રેમ સંબંધ હોવાની આશંકાએ ઢીમ ઢાળી દીધું હતું .તપાસ પૂર્ણ થતા પોલીસે બંને શખ્સ જેલ હવાલે કર્યા હતા. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું બાદ જેલ હવાલે રહેલા આશિષ ઉર્ફે ડુંગો ટાંક નામના શકશે. જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ પરેશભાઈ ચંદારાણા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાને વ્યાને અદાલતે આરોપી આશિષ ઉર્ફે પુગો ટાકની જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી પરેશ કનૈયાલાલ ચંદારાણા રોકાયા હતા.

# જામનગરમાં વકીલ જોષીની હત્યાના સાક્ષીને હાઈકોર્ટે 3 લાખનો દંડ ફટકાર્યો

- હાઈકોર્ટમાં સાક્ષીમાંથી નામ દૂર કરવાની અરજી કરતા ન્યાયાધીશ લાલઘુમ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ના ટાઉન હોલ પાસે એડવોકેટ કિરીટભાઈ જોષી ની અજાણ્યા ઈસમો એ છરી ના આડેધડ ઘા મારી હત્યા નિપજાવી હતી. જે કેસ માં એડવોકેટ અશોકભાઈ જોષી એ આરોપી જયસુખ મુળજીભાઈ રાણપરીયા ઉર્ફે જયેશ પટેલ ( રહે.જામનગર) તેમજ અજાણ્યા ઈસમો વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી આ ગુનાના તપાનીસ અધિકારીઆર. બી.દેવધા, નાયબ પોલીસ અધિક્ષક જામ ગ્રામ્ય વિભાગના ઓ ચલાવી રહ્યાં છે. તેમજ જામનગર એલ.સી.બી. પોલીસ ઈન્સ .વી.એમ. લગારીયા ઓ તપાસનીસ અધિકારી ની સાથે તપાસ ટીમમાં મદદમાં રહેલ છે. એડવોકેટ ખૂન કેસમાં તપાનીસ અધિકારી એ સાહેદ સાવીઓ ઉર્ફે સાગર બાલા જગન્નાથ પંચાલ ( રહે. મુંબઈ) વાળા નુ નિવેદનો લઈ ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ હતા, આ સાહેદ એ ગુજરાત હાઈકોર્ટ માં ૬ વર્ષ ના લાંબા સમયગાળા બાદ અરજી કરી જણાાવેલ કે, તેઓએ તપાનીસ અધિકારી સમક્ષ કોઈ નિવેદન લખાવેલ નથી તેઓના નામ સાહેદ માથી નિવેદન દુર કરવા ની અરજી દાખલ કરવામાં આવેલ, જે સાહેદોની અરજી અનુસંધાને ગુજરાત હાઈકોર્ટ એ ટીપ્પણી કરી જણાવેલ કે, સાહેદોએ ટ્રાયલ કોર્ટ નો સંપર્ક કરવો જોઈતો હતો. અને આવી વ્યર્થ અરજી દાખલ કરેલ હોય, તેમજ સાહેદો ને કેવી રીતે ખબર પડેલ કે તેઓની નિવેદન ચાર્જશીટમા સાહેદ તરીકે દર્શાવેલ છે. તેમ જણાવી સાહેદ સાવીઓ ઉર્ફે સાગર બાલા જગન્નાથ પંચાલ ને રૂપીયા ૩,૦૦,૦૦૦ નો દંડ નો ભરવા અંગે ન ગુજરાત હાઈકોર્ટ તરફ થી હુકમ કરવામાં આવેલ છે.

આ કેસમા અગાઉ ગુજરાત હાઈકોર્ટ તરફ થી સાહેદ કમલેશ ગોવિદભાઈ પટેલ, દિનેશભાઈ જેન્તીભાઈ સોઢા, સતીષભાઈ નંદકિશોર શાહ (રહે-અમદાવાદ) તથા આ કેસમા આરોપીઓ સાયમન લુઈસ દેવીનાદન (મહારાષ્ટ્ર), અજયપાલસિંહ ઉર્ફે બોબી ઉમેદસિંહ પવાર (રહે અમદાવાદ ). જે પાચેય ને ૧-૧ લાખ રૂપીયા નો દંડ નો ભરવા અંગે ગુજરાત હાઈકોર્ટ તરફ થી હુકમ કરવામાં આવેલ હતો.

# મોરબીમાં ગ્રાહકના અવસાન બાદ લોન માટેનો દાવો નકારતી વીમા કંપનીને ગ્રાહક અદાલતની લપડાક

## કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીની હારઃ ગ્રાહકને મળ્યો ન્યાય



**મુખ્ય સમાચાર,મોરબી**

જેતપુરના નીતાબેન રઘુભાઈ માલવણીયાના પતિના અવસાન બાદ તેમનો વિમો કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીએ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો, ત્યારે નીતાબેન દ્વારા મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ મારફતે ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કરતા, અદાલતે ચુકાદો આપતા કહ્યું કે ઈન્સ્યુરન્સ કંપનીની સેવાઓમાં ખામી હોય જેથી રૂ.૧.૯૬ લાખ વિમાની રકમ અને રૂ.૭ હજાર અન્ય ખર્ચ મળીને કુલ રૂ.૨.૦૩ લાખ વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

આ કેસની વિગત મુજબ જેતપર (મચ્છુ) ગામના વતની રઘુભાઈ નોંધણભાઈ માલવણીયાનું અવસાન થતા તેણે રૂા. ૨,૬૦,૦૦૦/- વાહન લોન લીધેલ જેના ૩૬ હપ્તા ચુકવવાના હતા. આ લોન કોટક મહીન્દ્રા લાઈફ ફાયનાન્સમાંથી લીધી હતી. રઘુભાઈએ કોટક મહીન્દ્રા લાઈફ ઈન્સ્યુરન્સમાં વિમો ઉતરાવેલ હતો. રઘુભાઈનું અવસાન થતા તેના પત્ની નીતાબેને વિમા કંપનીને કહયુ કે મારા પતિ જીવીત હતા ત્યાં સુધી હપ્તા ચાલુ હતા હવે તેનું અવસાન થતા લોનની રકમ વિમા કંપની ભરે. તેણીએ તમામ કાગળો સમયસર કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યુરન્સમાં સબમીટ કરેલ પરંતુ વિમા કંપનીએ વિમો ચુકવવાની ના પાડતા તેઓએ મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કરેલ હતો. રઘુભાઈ અભણ હોઈ વિમા એજન્ટે કહેલ ત્યાં સહીઓ કરી આપેલ તેમજ એજન્ટે રઘુભાઈને વિમા કંપનીના નિયમોની જાણકારી આપેલ ન હતી. ત્યારે પોલીસી ચાલુ દરમ્યાન રઘુભાઈનું તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૨માં સીવીલ હોસ્પીટલ રાજકોટમાં મરણ પામેલ, અદાલતે કહયુ કે કોઈપણ વિમા એજન્ટે વિમાની ટર્મ કન્ડીશન જણાવવી તે તેની ફરજ છે તેના કામનો ભાગ છે. વિમા કંપનીની સેવામાં ખામી હોઈ તેવુ જણાવી નીતાબેનને કોટક મહેન્દ્રા લાઈફ ઈન્સ્યોરન્સ રૂા. ૧,૯૬,૪૧૪/- અને રૂા. ૭૦૦૦/- મળી કુલ રૂા. ૨,૦૩,૪૧૪/- વ્યાજ સાથે કેસ દાખલ થયેલ ત્યારથી વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કરેલ છે.

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગ્રાહકે વિમો લેતા પહેલા તમામ વિગતો અને નિયમોની જાણકારી મેળવી લેવી જરૂરી છે અને વિમાના તમામ કાગળોની ઝેરોક્ષ કોપી મેળવી લેવી હિતમાં છે. કોઈપણ વ્યકિતએ વિમો, વાહન લોન, મકાન લોન લેતા પહેલા તેની સંપુર્ણ વિગતો જાણવી તેના હિતમાં જરૂરી અને આવશ્યક બની રહે છે. કોઈપણ ગ્રાહકોને અન્યાય થાય તો ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ લાલજીભાઈ મહેતા ૯૮૨૫૭ ૯૦૪૧૨, બળવંતભાઈ ભટ્ટ ૯૩૨૭૪ ૯૯૧૮૫ તથા રામ મહેતા ૯૯૦૪૭ ૯૮૦૪૮ નો સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પીએમ મોદી સિંહના બચ્ચાને સ્નેહ આપતા જોવા મળ્યા





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જામનગર સ્થિત વંટારા વન્યજીવ બચાવ કેન્દ્રની મુલાકાત લીધી હતી. હવે પીએમ મોદીની મુલાકાતનો વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ સિંહના બચ્ચાને લાડ કરતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોમાં ખુદ અનંત અંબાણી તેમને વંતરાની મુલાકાતે લઈ જતા જોવા મળી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જામનગર સ્થિત વંટારા વન્યજીવ બચાવ કેન્દ્રની મુલાકાત લીધી હતી. હવે પીએમ મોદીની મુલાકાતનો વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ સિંહના બચ્ચાને લાડ કરતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોમાં ખુદ અનંત અંબાણી તેમને વંતરાની મુલાકાતે લઈ જતા જોવા મળી રહ્યા છે.પીએમ મોદીએ વંટારામાં વિવિધ સુવિધાઓનો સ્ટોક લીધો હતો અને વાઈલ્ડલાઈફ હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. તેમણે પશુ ચિકિત્સા સુવિધાઓની પણ મુલાકાત લીધી હતી. તમને જણાવી દઈએ કે અહીં પ્રાણીઓ માટે ખર્છ્ઈ, સીટી સ્કેન, આઈસીયુ અને બીજી ઘણી સુવિધાઓ છે. વંતારામાં વન્યજીવન એનેસ્થેસિયા, કાર્ડિયોલોજી, નેફ્રોલોજી, એન્ડોસ્કોપી, દંત ચિકિત્સા, પ્રાણીઓ માટે આંતરિક દવા સહિતના ઘણા વિભાગો છે.વંતારામાં, પીએમ મોદીએ એક મોટો અજગર, એક અનોખો બે માથાવાળો સાપ, બે માથાવાળો કાચબો, એક વિશાળ ઓટર, બોંગો (કાળિયાર) અને સીલ પણ જોયા. ડખએ તેમની જેકુઝીમાં હાથીઓ જોયા. તેમની મુલાકાત દરમિયાન, પીએમ મોદીએ એશિયાટિક સિંહના બચ્ચા, સફેદ સિંહના બચ્ચા, વાદળછાયું ચિત્તોના બચ્ચા સહિત ઘણા પ્રાણીઓને ચાહ્યા. અહીંની ખાસ વાત એ છે કે આ તમામ પ્રાણીઓની દુર્લભ અને લુપ્તપ્રાય પ્રજાતિઓ છે.તમને જણાવી દઈએ કે વંતરા પ્રખ્યાત ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીની પહેલ છે. તે ગુજરાતના જામનગરમાં ૩ હજાર એકર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. નવંતારાથ સ્ટાર ઓફ ધ ફોરેસ્ટ હેઠળ પ્રાણીઓને બચાવવામાં આવે છે અને તેમની સંભાળ લેવામાં આવે છે. એક રીતે, તે પ્રાણીઓના રક્ષણ અને બચાવ માટેનું કેન્દ્ર છે. વંતારામાં ૨ હજારથી વધુ પ્રજાતિઓ અને ૧.૫ લાખથી વધુ બચાવી લેવાયેલા જોખમી પ્રાણીઓ વસે છે.

# શિક્ષકે ધમકાવતા ૧૩ વર્ષની વિદ્યાર્થિનીએ આપઘાતનો પ્રયાસ કર્યો

## તમારામાં સ્કૂલ ફી ભરવાની ત્રેવડ ન હોય તો ભણવા જ ન અવાય

## ગોંડલ સિટી પોલીસે દાસીજીવણ સ્કૂલના શિક્ષક સાવન સાટોડીયા સામે એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ખાનગી સ્કૂલો ફીની ઉઘરાણી કરવા વિદ્યાર્થીઓ સાથે ગેર વર્તન કરે છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ગોંડલમાં તમારામાં સ્કૂલ ફી ભરવાની ત્રેવડ ન હોય તો ભણવા જ ન અવાય તેમ કહીં શિક્ષકે ધમકાવતા ૧૩ વર્ષની વિદ્યાર્થિનીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગોંડલ સિટી પોલીસે દાસીજીવણ સ્કૂલના શિક્ષક સાવન સાટોડીયા સામે એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો છે.

ગોડલમાં ઘાવદર રોડ, બુધ્ધનગરમાં રહેતી વિદ્યાર્થિનીના માતાએ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, તેમની ૧૩ વર્ષની દીકરી ગોંડલના બસસ્ટેન્ડ રોડ, ગોકુલધામ સોસાયટી વાળી શેરીમાં આવેલ દાસી જીવણ સ્કૂલમાં ૯મા ધોરણમા અભ્યાસ કરે છે. હજુ છ મહીના પહેલા તેમના પતિનું અવસાન થયું. ઘરના આધારસ્તંભ સમા પતિના આવસાન બાદ સંતાનોનો ઉછેર કરવાની અને ઘર ચલાવવાની બમણી જવાબદારી આવતા તેઓ સવારના અગીયારથી સાંજના પાંચ વાગ્યા સુધી બ્યુટી પાર્લરમાં કોર્સ કરવા જાય છે.

તેઓએ વધુમાં કહ્યું કે, ગઈ તા. ૧૭/૧/૨૦૨૫ ના રોજ સવારના તેઓ બ્યુટી પાર્લર ખાતે હતા અને પછી સાંજના સાડા પાંચેક વાગ્યે ઘરે આવેલ. ત્યારે દીકરી ઉલ્ટી કરતી હતી. માતાએ તેને પુછેલ કે, બેટા શું થયું? કેમ ઉલ્ટી કરે છે? તો ૧૩ વર્ષની દીકરીએ કહ્યું કે, મેં બાથરૂમ સાફ કરવાનું બ્લીચ પી લીધેલું છે. આમ વાત કરતા તુરંત જ માતા દીકરીને લઈ ગોંડલ સરકારી દવાખાને પહોંચ્યા હતા. સારવાર ચાલુ હતી.

ત્યારે માતાએ દીકરીને પૂછ્યું, કે તે આવું શું કામ કર્યું? ત્યારે દીકરીએ રડતી આંખે કહ્યું કે, મમ્મી તા.૧૫/૧/૨૦૨૫ ના રોજ હું મારી સ્કૂલે ભણવા ગઈ હતી. ત્યાં શિક્ષક સાવનભાઈ સાટોડીયાએ કહ્યું કે, ઘરે જઈને તારા મમ્મીને કહેજે કે છ મહીનાની સ્કૂલ ફી ભરવાની બાકી છે. તે ફી આવતીકાલે મોકલાવી આપે, પરંતુ હું તમને કહેતા ભુલી ગઈ હતી. બીજા દીવસે ફરી હું સ્કુલે ગઈ ત્યારે આ સાવન સરે મને કહેલ કે, તારા મમ્મીએ સ્કુલ ફી મોકલાવેલ છે.તો મેં કહેલ કે, ના હું ફી લઈને નથી આવેલ. તો આ સાવન સરે મને કહેલ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત શબ્દો કહીં કહ્યું કે, તમારી પાસે સ્કૂલ ફી ભરવાની ત્રેવડ ન હોય તો ભણવા ન અવાઈ નહીં. તેમ કહી મને કહેલ કે તારે આજે ક્લાસમાં નથી બેસવાનું. બહાર બેસવાનુ છે. તેમ કહી મને સ્કૂલના હોલમાં સાડા અગીયારથી સાડા ચાર સુધી બેસાડી રાખેલ. અને બીજા દીવસે તું કામે જતી રહેલ હતી.

ત્યારે હું સ્કૂલે ગયેલ નહતી. સાવન સરે જે મને કહ્યું હતું તેનું લાગી આવતા મેં બાથરૂમ સાફ કરવાનું બ્લીચ પી લીધેલ હતું. આ પછી સારવારમાં રહેલ વિદ્યાર્થિનીનું પોલીસે બનાવ અંગે નિવેદન લીધું હતું અને માતાનું નિવેદન પણ લીધું હતું. આગળ માતાએ જણાવ્યું કે, તે બીજા દિવસે પોલીસ સ્ટેશન ગયા હતા. ત્યાં ટીચર સાવન સાટોડીયા તથા હીરેન આવેલ હતા. મારી સાથે અમારી જ્ઞાતિના બંટીભાઈ હતા. તેઓએ કહ્યું કે, ટીચર સાવનભાઈ તથા હીરેનભાઈ સાથે વાતચીત કરી લીધલે છે અને તમારે છેલ્લા છ માસની સ્કુલ ફી ભરવાની છે તે પણ સ્કુલે માફ કરેલ છે. તમારી દીકરી ધોરણ ૧૨ સુધી ભણશે તેનો તમામ ખર્ચ સ્કુલ ભોગવશે. તેની જવાબદારી હું લઉં છું. તેમ કહી મને સમાધાન કરાવેલ હતું. ફરી ચાર પાંચ દિવસ પછી બંટીભાઈનો ફોન આવેલ. કહેલ કે તમારે સ્કુલની ૨૫ ટકા ફી ભરવી પડશે. આમ સમાધાનની વાતચીતમાંથી ફરી જતા અંતે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી શિક્ષક સાવન સાટોડીયાની ધરપકડ કરવા તજવીજ કરી હતી.

# ચુનારાવાડમાં જૂની અદાવતમાં યુવાનને ચાર શખ્સે માર મારી સોનાના ચેઈનની લૂંટ ચલાવી

## ગાંધી વસાહત સોસાયટી અને રેન બસેરા પાસે બે મહિલાએ ફિનાઈલ ગટગટાવ્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ચુનારાવાડ વિસ્તારમાં રહેતા યુવકને જૂની અદાવતમાં ચાર શખ્સોએ માર માર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હુમલાખોર શખ્સોએ સોનાના ચેઈનની લૂંટ ચલાવી હોવાનો ઈજાગ્રસ્ત યુવાને આક્ષેપ કર્યો છે.

આ બનાવ પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ચુનારાવાડ વિસ્તારમાં રહેતો અજય સંજયભાઈ સોલંકી નામનો ૨૫ વર્ષનો યુવાન રાજમોતી મીલ પાસે રાજા ચોકમાં હતો ત્યારે જુની અદાવતનો ખાર રાખી ઈરફાન અને રાહુલ સહિતના અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર્યો હતો. હુમલામાં થવાયેલા અજય સોલંકીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવાને હુમલાખોર શખ્સોએ સોનાના ચેઈનની લૂંટ કરી હોવાનો આક્ષેપ કર્યો છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં કુવાડવા રોડ ઉપર રણછોડદાસ આશ્રમ પાસે આવેલી ગાંધી વસાહત સોસાયટીમાં રહેતી લક્ષ્મીબેન સંજયભાઈ મકવાણા નામની ૩૦ વર્ષની પરિણીતાએ પોતાના ઘરે હતી ત્યારે ફિનાઈલ પી લીધું હતું. જ્યારે કોર્ટ નજીક આવેલ રેન બસેરા પાસે પારલબેન પ્રવીણચંદ્ર સેવાદાણી નામની ૪૯ વર્ષની મહિલાએ કોઈ અગમ્ય કારણસર ફીનાઈલ ગટગટાવી લીધું હતું.

બંને મહિલાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્વામી જ્ઞાનપ્રકાશ વિરપુર આવી માફી નહીં માંગે તો ઉગ્ર આંદોલન કરાશે






(તસ્વીરઃ આનંદ જાવિયા)

## રાજકોટ જલારામ બાપા ઉપર ટિપ્પણી મામલે રઘુવંશી સમાજનો રાજકોટમાં વિરોધ

લાખો શ્રધ્ધાળુઓના હૃદયમાં બિરાજતા સંત શિરોમણી, વીરપુરના વાસી પૂ. જલારામ બાપા વિષે ટીપ્પણી કરનારા અમરોલી (સુરત)ના સ્વામી જ્ઞાનપ્રકાશ સામે સમસ્ત રઘુવંશી સમાજ, લાખો ભકતોમાં આક્રોશ છવાયો છે. ગઈકાલે વીરપુર ગ્રામ પંચાયત કચેરીમાં યોજાયેલી સમસ્ત સમાજના આગેવાનોની બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ૨૪ કલાકમાં સ્વામી જ્ઞાનપ્રકાશ જલારામ બાપાની જગ્યાએ આવીને દર્શન કરે અને માફી માંગે પછી જ આંદોલન પુરૂ થયું ગણાશે. આજે રાજકોટમાં પણ રઘુવંશી સમાજ દ્વારા આ બાબતે ઉગ્ર વીરોધ નોંધવામાં આવ્યો હતો . રઘુવંશી સમાજના લોકો દ્વારા આજે જાહેરમાં કાર્યક્રમ યોજી જણાવવામાં આવ્યું હતું કે જો સ્વામિનારાયણના સ્વામી આ સંદર્ભે માફી નહીં માગે તો ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે આજે

## ભુપેન્દ્ર રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર બહાર જ્ઞાનપ્રકાશ સ્વામીના પૂતળાનું દહન કરાયું

રાજકોટના ભુપેન્દ્ર રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર બહાર રઘુવંશી સમાજના લોકો દ્વારા જ્ઞાનપ્રકાશ સ્વામીના પૂતળાનું દહન કરાયું હતુ જોકે બાદમાં પોલીસ દ્વારા તમામ લોકોને અટકાયત કરાઈ હતી.

## સૌરાષ્ટ્રયુનિવર્સિટીનો ૫૯મો પદવીદાન સમારોહ યોજાયો



શિક્ષણ રાજ્યમંત્રી શ્ર પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૯મો પદવીદાન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૪ વિદ્યાશાખાના ૪૨,૬૭૭ છાત્રોને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ તકે, કુલ ૧૨૬ છાત્રોને ગોલ્ડ મેડલ જ્યારે ૨૨૧ છાત્રોને વિવિધ પારિતોષિક આપવામાં આવ્યા હતા.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાનજી ભુટા બારોટ રંગમંચ ખાતે આયોજિત આ સમારોહમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ સંબોધનમાં જણાવ્યું હતું કે, તમે વિદ્યાર્થીઓ વર્ષે ૨૦૪૭ના પૂર્ણ વિકસિત ભારતની સાંકળ છો. આજે ડિગ્રી મળી છે પણ જ્ઞાન મેળવવા માટે વિદ્યાર્થીભાવ કાયમ જાગૃત રાખજો. આ કાર્યક્રમમાં વિવિધ શિક્ષણવિદો, આમંત્રિત મહેમાનો, વિવિધ વિદ્યાભવનોના ડીન, સેનેટના સભ્યો, છાત્રો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પીપીપી યોજનાનો બેફામ ભ્રષ્ટાચારની કુંડળી કઢાવી લડત કરાશેઃ ઈન્દ્રનીલ રાજગુરુ

### કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરનો કરાશે ઘેરાવઃ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ કાયદાની મર્યાદામાં રહીને કામગીરી કરે અન્યથા હલ્લાબોલ માટે તૈયાર રહે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજરોજ રાજકોટમાં જાગનાથ પ્લોટમા રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ દ્વારા પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે આમ તો આખા ભારતમાં અને ગુજરાત ભરમાં ભ્રષ્ટાચારી ભાજપનું શાસન છે ત્યારે શહેરમાં હજારો નોટિસ આપી લોકોને આશિયાના તોડી બેઘર કરવાનું જે ષડ્યંત્ર ચાલી રહ્યું છે. તેની સામે આગામી વીકમાં કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરનો ઘેરાવ કરાશે. નોટિસો આપે છે એટલું જ નહીં પરંતુ બિલ્ડરોના ઈશારે રાજકોટ મહાનગરપાલિકાનું તંત્ર ધાક ધમકી આપે છે બીવડાવે છે. આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ રાજકોટ મહાનગરપાલિકા કરી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ પદાધિકારીઓના ઈશારે કામ કરે છે અને ભાજપની ચમચા ગીરી બંધ કરે કાયદાની મર્યાદામાં રહીને જે કાંઈ કરવાનું થાય તે કરે અન્યથા હલ્લાબોલ માટે તૈયાર રહે. પીપીપી યોજના જે કાલાવડ રોડ પર જે.પી કન્ટ્રક્શનની વિજયભાઈ અને તેની કંપની ભાગીદાર હતા પીપીપી યોજનામાં સરકારી જમીન કોર્પોરેશનને સોંપવામાં આવી છે. જેપી કન્ટ્રક્શન તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ના માર્ગદર્શન હેઠળ ભ્રષ્ટાચારનું કાવતરું ઘડાયું હતું આ યોજના રિવ્યુ કરી અને લોકો સમક્ષ મૂકશુ. લોકોને ૩૦ વારનું મકાન આપવું એ સરકારની ફરજ છે અને તેના પર રહેવાનો અધિકાર સરકારે સ્વીકારવો એ માનવતાની વાત છે. શહેરમાં અનેક જગ્યાએ ક્યાંક બિલ્ડરોને લાભ અપાવવા ક્યાંક બગીચા બનાવવા ઝૂંપડપટ્ટી વાસીઓને દબાવીને નોટિસો આપી મત ભાજપને આપજો નહીંતર તમારા ઘર તોડી પડાશે. આ રીતની જે ભાજપ વાત કરે છે તેની સામે લડત ચલાવશુ. હું જ્યારે ધારાસભ્ય હતો ત્યારે કલેક્ટર અને કમિશનરે એ વાત સ્વીકારી હતી કે જે પરિવારોના મકાન પાડવામાં આવશે તેને મકાન આપવું ભાજપના ભ્રષ્ટ આગેવાનો માટે સર્કિટ હાઉસ હશે પણ જો તમારા ઘરમાં થી રોડ પર તમને નાખી દે તો આ કેવું થાય ? ત્યારે આવતા વીક સુધીમાં કલેક્ટર કમિશનર જાહેરાત નહીં કરે તો પીપીપી યોજનામાં બિલ્ડર અને કોર્પોરેશન દ્વારા જે પ્રજા દુઃખિયારી છે તેને ન્યાય અપાવવા પ્રયત્ન કરાશે તબક્કા વાર પીપીપી ના ભ્રષ્ટાચાર નો પર્દાફાશ કરવામાં આવશે કેટલા ઝુપડા હતા, કેટલી જમીનો હતી, કેટલા રૂપિયા મળ્યા, બિલ્ડરો દ્વારા કેટલી જમીનો ખુલ્લી રખાય છે આ તમામ પ્રકારની જીણવટ ભરી માહિતી મેળવી તે લોકો સમક્ષ મૂકવામાં આવશે.

હાલ અમારી જાણ મુજબ રાજકોટ શહેરમાં હજારોની સંખ્યામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૬૦ (૧), ૨૬૦ (૨) મુજબ નોટિસોની બજવણી કરવામાં આવી છે. ત્યારબાદ સ્થાનિક રહીશો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી દાદ માગવામાં આવેલ છે જૂના નંબર ઈ/જ/ઈ/અ/૨૩૭૯/૨૦૨૫ છે તારીખ ૨૫/૨/૨૦૨૫ નામદાર કોર્ટ દ્વારા એક ઓરલી ઓર્ડર પણ પાસ કરવામાં આવેલ છે. શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને કોર્ટથી ઉપરવટ જઈને વિસ્થાપિત કરી શકાય નહીં તેમને વૈકલ્પિક જગ્યાઓ ફાળવવાની સરકારશ્રી અને કોર્પોરેશને વ્યવસ્થા કરવી જોઈએ. આજની પત્રકાર પરિષદમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, એડવોકેટ અશોકસિંહ વાઘેલા, તુષારભાઈ નંદાણી, જગદીશભાઈ મોરી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## સૌરાષ્ટ્ર યુનિ. પદવીદાન સમારંભમાં મેયરનું અપમાનએ રાજકોટનું અપમાન : CYSS

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં ઉત્પલ જોષીની કુલપતિ તરીકે નવનિયકતી થયેલ છે, ત્યારથી જ તેઓ બંધારણીય તમામ મર્યાદા ઓળંગીને પોતાની મનમાની કરી રહયા છે. અને તેઓ એક પેઈડ જાહેર સેવક હોય તેમ છતાં તેઓ તમામ બંધારણીયના નિયમોનું ઉલ્લંઘન કરી તમામ પ્રોટોકોલનું ઉલ્લંઘન કરી રહયા છે તેઓની નિયુકતી થતા જ તેઓ દ્વારા સરકાર દ્વારા પ્રતિબંધીત હોવા છતા તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના આપેલ વાહન ઉપર સાઈરન (લાઈટ) લગાવેલ હતી અને તેનો વિરોધ થતા સાઈરન (લાઈટ) દુર કરેલ છે.

તાજેતરમાં સૌરાષ્ટ્ર રયુનિર્વસીટીનો ૫૯ મો પદવીદાન સમારોહ ગઈકાલે યોજાયો હતો જેમાં રાજકોટના પ્રથમ નાગરીક નયનાબેન પેઢડીયા ને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપેલ હોય, મેયર જયારે આ કાર્યક્રમા ઉપસ્થિત થયા ત્યારે તેઓને આવાકારવામાં આવેલ નહી તેમજ સ્ટેજ ઉપર વિશેષ સ્થાન પણ આપવામાં આવેલ નહી તેમજ તેઓ દ્વારા વિદ્યાર્થીઓના ડિગ્રી એનાયતમાં પણ તેઓના હસ્તે અપાવવામાં આવેલ નથી. અને નીચે જયાં પ્રોફેસરો અને વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાની સાથે બેસવાનું કહેવામાં આવેલ, જે સમગ્ર રાજકોટ શહેરનુ અને નારી જગતનું અપમાન ગણાય. અને કુલપતી દ્વારા કોઈના દ્વારા દિશાનિર્દેશન અનુસાર જાણી જોઈને મેયરનું વ્યક્તિગત અપમાન કરવામાં આવેલ હોય, તેવું સ્પષ્ટ જણાઈ રહયુ છે. તેમ ભુતતએ જણાવ્યું હતું સૌરાષ્ટ્ર યુનિર્વસીટી એક શૈક્ષણિક સંસ્થા હોય જયારે વિદ્યાર્થીઓના આદર્શ, સંસ્કાર અને સિંચનનું એક પવિત્ર જગ્યા હોય અને દેશની ભાવી યુવાપેઢીનું નિર્માણ જયા થતુ હોય ત્યાં આવા ટુંડ મિઝાજી અને તેના આકાઓના જોરે સતાનો દુર ઉપયોગ અને તમામ પ્રોટોકોલ ભુલતી વ્યકિતઓને સૌરાષ્ટ્ર યુનિવસીટીના કુલપતી તરીકે પોતાની જવાબદારી યોગ્ય રીતે ન નિભાવીને શિક્ષણ જગત, સૌરાષ્ટ્રયુનિવર્સિટીની ગરીમાને લાંછન લગાવેલ હોય. આવા કુલપતિ ઉપર તાત્કાલીક પગલા લઈ ઉદાહરણ સ્વરૂપ કાર્યવાહી કરી દાખલો બેસાડવા રાજ્યપાલને ઈઢજ્જ દ્વારા કલેકટર મારફત આવેદન પાઠવવામાં આવ્યું. તેમજ કુલપતી દ્વારા સમગ્ર રાજકોટ શહેર અને મેયરની માફી માંગે એવી અઅડ વિદ્યાર્થી સંઘ ઈઢજ્જ પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી, કલાપી વારા, અમન અન્સારી, ફરાઝ મોગલ, આર્યન પઠાણ અને ટીમ દ્વારા માંગ કરવામાં આવી.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

## બેદરકારીથી વાહન ચલાવી રાહદારીને ઈજા પહોચાડવાના ગુનામાં ઈકોના ચાલકને નિદોષ છોડતી કોર્ટ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

બેદરકારી થી પુરઝડપે વાહન ચલાવી ઈજા પહોચાડવા ના ગુનામાં ભાવિનભાઈ હરીશભાઈ સોલંકી પર ઈંડઈ ની કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા ખ.ટ. એક્ટ ની કલમ ૧૮૪,૧૭૭ મુજબ ગુનો દાખલ કરવા માં આવ્યો હતો જે કેસમાં આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રાજકોટ કોર્ટ નો હુકમ કરવામાં આવ્યો છે.

ફરિયાદ માં ફરિયાદી બહેન પોતાના ઘરે થી ચાલીને કામ પર જતાં હતા ત્યારે ફૂલવાડી પાસે ભાવનગર રોડ પર પહોચતા આરોપીએ પોતાની ઈકો કાર મારંમાર પૂરજડપે અને બેફિકરાઈ થી ગફલતભરી રીતે ચલાવી ફરિયાદી ને હડફેટે લઈ પછાડી દઈ કમરે થી નીચેના ભાગે સાથળ મા ફેકચર જેવી ઈજા પહોચાડી ગુનો કરેલ જેની ફરિયાદ ફરિયાદી એ આજીડેમ પોલીસ સ્ટેશન મા આપેલ હતી. જે કેસમાં આરોપી ભાવિનભાઈ હરીશભાઈ સોલંકી પર ઈંડઈ ની કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા ખ.ટ. એક્ટ ની કલમ ૧૮૪,૧૭૭ મુજબ ગુનો દાખલ કરવા માં આવ્યો હતો. ફરિયાદી દ્વારા ફરિયાદ સાબિત કરવામાં નિષ્ફળ જતાં આરોપી નો નિર્દોષ છુટકારો કરતી એસ.વી.મુદલિયારની કોર્ટ નો હુકમ. આ કામમાં આરોપી ભાવિનભાઈ હરીશભાઈ સોલંકી વતી પાર્થ લો ફર્મના યુવા એડવોકેટ શૈલેષ આર.વકાતર, કરસન એન.ભરવાડ, ગૌરાંગ આર.રાઠોડ રોકાયેલ હતા.

## વિરમગામના રામ મહેલ મંદિર ખાતે વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને મહાકુંભના પ્રસાદ તેમજ ગંગાજળનું વિતરણ કરાયું

### વિચરતી અને વિમુક્ત જાતિના તેમજ અન્ય સમાજના લોકો દ્વારા મહામંડલેશ્વર રામકુમારદાસ બાપુનું સ્વાગત સન્માન કરાયું

**મુખ્ય સમાચાર,વિરમગામ**

ગંગા યમુના અને સરસ્વતી મૈયાના પાવન સંગમ તિર્થરાજ પ્રયાગરાજ ખાતે મહાકુંભ પર્વ નિમિત્તે વિરમગામના શ્રી રામ મહેલ મંદિર મહામંડલેશ્વર મહંત શ્રી રામકુમારદાસ બાપુ દ્વારા શ્રીજગદીશધામ અન્નક્ષેત્ર સેવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતો મહંતો સહિત મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા અને શ્રીમદ ભાગવત કથા પ્રેમ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રયાગરાજ મહાકુંભમાંથી વિરમગામના શ્રી રામ મહેલ મંદિર ખાતે મહામંડલેશ્વર શ્રી રામકુમારદાસ બાપુ પરત ફરતા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો દ્વારા બાપુનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું અને બાપુ દ્વારા સૌને ગંગાજળ પ્રસાદી ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિરમગામના વિચરતી અને વિમુક્ત જાતિના વિવિધ સમાજના કુલ ૫૮ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રામ મહેલ મંદિર ખાતે ઉપસ્થિત લોકો દ્વારા સમૂહ આરતી કરવામાં આવી અને બાપુ દ્વારા સૌને ભોજન પ્રસાદ ગ્રહણ કરાવવામાં આવ્યો હતો.

વિરમગામના શ્રી રામ મહેલ મંદિરના મહંત શ્રી રામકુમારદાસ બાપુ દ્વારા વિચરતી અને વિમુક્ત જાતિના વિવિધ સમાજના સૌ લોકોને એકતા જાળવી રાખવા અપીલ કરવામાં આવી અને મંદિર આપ સૌ માટે કાયમ માટે ખુલ્લુ હોવાનું જણાવ્યું હતું.

ઘૂમન્તુ કાર્યના સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મનહરસિંહ ઝાલાએ વિચરતી અને વિમુક્ત જાતિના લોકોના ભવ્ય ભૂતકાળ, સમાજ જાગરણનું કાર્ય, આઝાદીના આંદોલનમાં ભૂમિકા, વર્તમાન પરિસ્થિતિ અને શિક્ષણના મહત્વ અંગે વાતચીત કરી હતી.



(વંદના નીલકંઠ વાસુકીયા)

## રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત અને સરગમ ક્લબ સંચાલિત વીરસાવરકર ઈન્ડોરસ્ટેડીયમનાં વિભાગમાં છ માસિક મેમ્બરશીપ માટે બેડમિન્ટનના નવા ફોર્મ વિતરણ શરૂ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત અને સરગમ ક્લબ સંચાલિત ઈન્ડોર સ્ટેડીયમમાં ચાલતી પ્રવૃતિમાં જોડાવા માંગતા લોકોએ છ માસની ફી ની તા. ૧/૦૪/૨૦૨૫ થી ૩/૦૯/૨૦૨૫ ની મેમ્બરશીપ ભરવાનું ચાલુ થયેલ છે. તા. ૧૫/૦૩/૨૫ થી ૨૭/૦૩/૨૫ સુધી માં જુના સભ્યોએ પોતાની મેમ્બરશીપ રીન્યુ કરાવી તેમજ તા૩૦/૦૩/૨૫ ના રવિવાર ના રોજ સવાર ના ૮/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીમાં નવા ફોર્મ ભરી દેવા જગ્યા હશે તો લેવામાં આવશે સરગમ ક્લબ દ્વારા અનુરોધ કરાયો છે.

સરગમ ક્લબ નાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં જણાવ્યા અનુસાર, વીર સાવરકર ઈન્ડોર સ્ટેડીયમ માં ચાલતી બેડમિન્ટન, ટેબલ ટેનીસ, જીમ, જુડો, ટેકવોન્ડો, કેરમ, સહિતના વિવિધ વિભાગમાં ચાલવામાં આવે છે.

બેડમીન્ટન વિભાગમાં શીખાઉ બેચનો સમય સવારે ૯/૦૦ થી રાત્રી ના ૮/૩૦ સુધી રહેશે. બેડમિન્ટન ના સ્પેશીયલ કોચ મારફત ક્લાસ રહેશે જેની નોંધ લેવી. ઈન્ડોર સ્ટેડીયમનાં વિવિધ વિભાગોમાં બેડમિન્ટન, ટેબલ ટેનીસ, જીમ, જુડો, ટેકવોન્ડો, કેરમ, વગેરે રમતો તો રેગ્યુલર ચાલે જ છે. તેમજ લેડીઝ હેલ્થ ક્લબમાં પણ પ્રવેશ કાર્યવાહી ચાલુ છે.


મેમ્બરશીપ ની છ મહિનાની ફી :- બેડમિન્ટન ફી - ૧૫૦૦/-, જિમ ફી ભાઈઓ - ૧૧૮૦/-, ટેબલટેનીસ ફી - ૭૫૦/-, લેડીઝ હેલ્થ ફી - ૮૦૦/- ટેકવોન્ડો ફી - ૫૦૦/-, જિમ્નાસ્ટિક ફી - ૬૦૦/-, કેરમ ફી - ૪૦૦/-, જૂડો ફી - ૪૦૦/- આ બધી જ રમત ની ફી છ માસની રહેશે.

વધુ માહિતી તથા પુછપરછ માટે ઈન્ડોર સ્ટેડીયમ ખાતે કાર્યાલયનો સવારના ૯/૦૦ થી ૧૨/૦૦ સાંજે ૫/૦૦ થી ૮/૦૦ દરમિયાન ફોન નં. ૦૨૮૧ - ૨૪૭૭૫૫૫ ઉપર અથવા રૂબરૂ ઓફિસે નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

ખાસ જાણ માટે ગુજરાત સરકાર તથા રાજકોટ મહાનગરપાલિકા ની ગાઈડ લાઈન પ્રમાણે સમયે સમયે ચુસ્ત પાલન કરવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો.

ઈન્ડોર સ્ટેડીયમની સમગ્ર વ્યવસ્થા સરગમ ક્લબનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ જયેશભાઈ વસા, કૌશિકભાઈ સોલંકી, જયદિપસિંહ જાડેજા સહિતના સંભાળી રહ્યા છે.

## અવસાન નોંધ



મુળકેશોદ નિવાસી હાલરાજકોટ હરગોવિંદભાઈ કલ્યાણજીભાઈ ધનેશા (રિટા. SBI ચીફ મેનેજર) તે પ્રમિલાબેનના પતિ, સ્વ. આર. કે પંડત ના જમાઈ તે વિનોદભાઈ તથા શારદાબેન પરષોત્તમભાઈ ભાટે (કોલ્હાપુર)ના ભાઈ તે બિમલ, નિરજ તથા કેતન મનોજભાઈ ઠક્કર ના પિતાશ્રી તથા નિર્વિષા ધનેશા તથા નેહા ધનેશા ના સસરા અને વિશ્વા, અમન તેમજ સૌમ્ય ના દાદા મંગળવાર તા ૦૪ માર્ચ ના શ્રીજીચરણ પામેલ છે તેમનું બેસણું તથા પ્રાર્થના સભા તારીખ ૬ને ગુરૂવારના સાંજે ૪:૩૦ થી ૬:૦૦ કલાક દરમિયાન રામેશ્વર મહાદેવ મંદિર,રામેશ્વર ચોક, ગીત ગુર્જરી સોસાયટી મેઈન રોડ, એરપોર્ટ રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રીક્ષામાં મુસાફરોના ખીસ્સા હળવા કરતી બે મહીલા સહિત ચાર શખ્સો ઝડપાયા

■ કોઠારીયા રોડ પર ભકિતનગર પોલીસનો સફળ દરોડોઃ રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૪૦ હજારનો મુદામાલ કબજે





**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં પેસેન્જરોને રીક્ષામાં બેસાડી પેસેન્જરોના ખીસ્સા હળવા કરતી ટોળકીએ રાજકોટમાં ઘણા સમયથી આંતક મચાવ્યો છે. ત્યારે રીક્ષા ગેંગને ઝડપી લેવાની સુચના અન્વયે ભકિતનગર પોલીસે બે મહિલા સહિત ૪ શખસોને દબોચી રૂ.૪૦ હજારનો મુદામાલ કબજે કર્યો હતો.

શહેરમાં પેસેન્જરોને રીક્ષામાં બેસાડી પૈસા સેરવતી ટોળકીને ઝડપી લેવાની ઉચ્ચ અધિકારીની સુચના અન્વયે ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સના પીએસઆઈ જે.જે.ગોહિલ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે પેસેન્જરોના પૈસા, મોબાઈલ સેરવતી ટોળકી કોઠારીયા રોડ પર આંટા મારે છે. અને થોડીવાર પછી જીજે.03 સીટી ૧૬૩૯ નંબરની રીક્ષા કોઠારીયા રોડ સ્વીમીગ પુલ પાસેથી પસાર થવાની બાતમી આધારે ટીમે વોચ ગોઠવી હતી.

દરમ્યાન ઉપરોકત રીક્ષા પસાર થતા તેને રોકાવી હિના ઉર્ફે ડેભી ધર્મેશભાઈ જાદવ, બેના રાહુલભાઈ દંતાણી, ભાવેશ ગુંગાભાઈ વાજેલીયા અને કિશન મગનભાઈ ડાભી સહિતની ટોળકીને દબોચી રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૪૦ હજારનો મુદામાલ પોલીસે કબજે કર્યો હતો.

# રાજકોટ તાલુકાના બેડલા ગામના સરપંચને ફરી હોદ્દા પર લેવા હાઈકોર્ટના ફરમાન

## બેડલા ગામના સરપંચ તથા કિશાન મોરચા જીલ્લા ભાજપના મંત્રી અજયભાઈ સોરાણીને સરપંચપદ પરથી દુર કરવાના ડી.ડી.ઓ તથા એડી. ડેવલપમેન્ટ કમીશ્નરના બંનેના હુકમો રદ કરી ફરીથી સરપંચપદે લેવા હુકમ કરતી ગુજરાત હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના બેડલા ગામના સરપંચ અજયભાઈ સોરાણીને ડી.ડી.ઓ. તથા અધિક વિકાસ કમીશ્નર ગાંધીનગર ધ્વારા નોટીસો આપેલ કે તેઓ બેડલા ગામના સરપંચ હોય અને બેડલા ગામ જળસ્રાવ વિકાસ સમિતીના પ્રમુખ હોય સરકારની વર્ષ-૨૦૨૨-૨૩ ની સાલમાં પ્રધાનમંત્રી કૃષી સિંચાઈ યોજના અંતર્ગત ૧૨૦ એગ્રી સ્પ્રે પંપની ફાળવણી કરવામાં આવેલી હતી. ત્યારબાદ લાભાર્થીઓની યાદી તૈયાર કરી ૧૨૦ એગ્રી સ્પ્રે પંપની વહેંચણી કરવાની હોય તેના બદલામાં ૫૭ લાભાર્થીઓને એગ્રી સ્પ્રે પંપ આપવામાં આવેલ હતા જયારે ૬૩ એગ્રી સ્પ્રે પંપ નહી આપી અને ગેરરીતી આચરી ખોટા દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી કુલ રૂા.૫,૫૮,૦૦૦/- ના નાણા મેળવવા સરકારી કચેરીમાં બીલો મુકી નાણા મેળવવા પ્રયત્ન કરી ઘણાબધા ખાતેદારોની ખોટી સહીઓ કરાવડાવેલ હતી અને નાણાની ઉચાપત કરવાની કોશીશ કરેલ હતી જે અંગે અશોકભાઈ કરૂણાશંકર મહેતા કે જેઓ રાજકોટ તાલુકા પંચાયત કચેરીમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હોય તેના ધ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ની ફરીયાદ આપવામાં આવેલી હતી અને તે મતલબનો ફોજદારી ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો. જેથી સદરહું ગુન્હો દાખલ થયા અનુસંધાને ડી.ડી.ઓ ધ્વારા તા.૭/૭/૨૩ ના રોજ હુકમ કરી તેઓને સરપંચ પદેથી દુર કરેલ હતા ત્યારબાદ તેઓ ધ્વારા અધિક વિકાસ કમીશ્નર, ગાંધીનગર ખાતે સદરહું હુકમ સામે અપીલ દાખલ કરેલ હતી જે અપીલ અનુસંધાને અધિક વિકાસ કમીશ્નર, ગાંધીનગર ધ્વારા સદરહું ડી.ડી.ઓ.નો તા.૭/૭/૨૩ નો હુકમ કાયમ રાખી તા.૧૧/૬/૨૪ ના રોજ તેઓને સરપંચ પદેથી દુર કરવાનો હુકમ મંજુર રાખેલ હતો.

નોટીસ આપ્યા બાદ તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં સરપંચ પદમાં ફરીવાર લેવા માટે અરજી કરેલ હતી. તે અરજી અનુસંધાને ગુજરાત હાઈકોર્ટમાં એવી રજુઆત કરવામાં આવેલ હતી કે તેઓ ધ્વારા કોઈ જાતની ઉચાપત કરવામાં આવેલ નથી કે કોઈ બોગસ સહીઓ કરી બીલો બનાવેલ નથી તેમજ જે ગુન્હા અનુસંધાને તેઓ ધ્વારા અજયભાઈ સોરાણીને સરપંચ પદેથી દુર કરવામાં આવેલ છે તે ગુન્હામાં સુપ્રિમ કોર્ટ ધ્વારા તેઓને આગોતરા જામીન આપવામાં આવેલ હતા. તેમજ તેઓને ડી.ડી.ઓ. ધ્વારા કે અધિક વિકાસ કમીશ્નર ધ્વારા યોગ્ય રીતે સાંભળવામાં આવેલ નથી અને એકતરફી કાર્યવાહી કરી તેઓને સરપંચ પદેથી દુર કરી દીધેલ છે તેમજ જે સ્પ્રે પંપનું વિતરણ થયેલ તે તમામ યોગ્ય કાર્યવાહી કરીને જ કરેલ છે જેથી આવી કોઈ ઉચાપતનો પ્રશ્ન જ રહેતો નથી, તેમજ તેઓને કોઈપણ જાતની રજુઆતો તથા તેઓના ખુલાસાઓ ધ્યાને લીધા વગર સરપંચ પદેથી દુર કરી દીધેલ છેઉપરોકત સંજોગોમાં ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અજયભાઈ સોરાણી તરફે થયેલી રજુઆતો, નામદાર સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ તેમજ પોલીસ તપાસના કાગળો અને કાયદાકીય પરિસ્થિતી ધ્યાને લઈ ડી.ડી.ઓ તથા અધિક વિકાસ કમીશ્નર ધ્વારા તેઓને સરપંચ પદેથી દુર કરવાના જે હુકમો ફરાવેલ તે હુકમો રદ કરી



અજયભાઈ નાથાભાઈ સોરાણીને ફરીથી સરપંચ પદે નિમણુંક કરવા હુકમ ફરમાવેલ છે.આ કામમાં ગુજરાત હાઈકોર્ટમાં આશીષભાઈ ડગલી તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# સગીરાનો દેહ અભડાવનાર આરોપીને આજીવન કેદની સજા

## પડોશી શખ્સે ઘરમાં ઘુસી સગીરાને ધાક-ધમકી આપી દુષ્કર્મ આચર્યાનો કેસ કોર્ટમાં ચાલતો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ચાર વર્ષ પૂર્વે પાડોશી શખ્સે ઘરમાં ઘૂસી સતત છ માસ સુધી સગીરાને ધાક ધમકી આપી હવસનો શિકાર બનાવ્યાના પોક્સો એક્ટના ગુનામાં કોર્ટે અપરાધીને આજીવન કેદની સજા અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં દૂધની ડેરી વિસ્તારમાં રહેતા વિજય ઘુસાભાઈ ડાંગર નામના શખ્સે વર્ષ ૨૦૨૧ માં પાડોશમાં રહેતી સગીરાના ઘર પાસે ધસી ગયો હતો. ત્યારે ઘરે એકલી રહેલી સગીરાએ બહાર ગયેલી માતાને ફોન કરી જલદી ઘરે આવો મને પાડોશમાં રહેતો વિજય ડાંગર હેરાન કરતો હોવાનું જણાવ્યું હતું જેથી માતા તાત્કાલિક ઘરે પહોંચી હતી ત્યારે સગીરાએ માતા સમક્ષ આપવીતી વર્ણવી હતી કે પાડોશમાં રહેતો વિજય ડાંગર છેલ્લા છ માસથી ઘરમાં ઘુસી બદનામ કરવાની અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી તેણીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતો હતો. જે ઘટના પ્રકાશમાં આવતા થોરાળા પોલીસ સ્ટેશનમાં આરોપી વિજય ડાંગર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી વિજય ડાંગરની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા આરોપીના બચાવો પક્ષે દલીલ કરવામાં આવી હતી કે ફરિયાદ મોડી કરવામાં આવેલી છે અને મોડી ફરિયાદ કેવા કારણોસર થઈ છે તેનું કોઈ કારણ જણાવેલ નથી તથા જે ૧૫ વર્ષની બાળકીનો જન્મનો દાખલો છે. તે પણ ખોટો છે અને ફરિયાદીએ ખોટી હકીકત વાળી ફરિયાદ કરેલ છે જેવા મતલબનો આરોપી તરફે અલગ અલગ



બચાવ કર્યો હતો. જ્યારે સરકાર અને મૂળ ફરિયાદી વતી રોકાયેલા વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે મોડી ફરિયાદ કરવાથી ખોટી ફરિયાદ છે તેવું માની શકાય નહીં આરોપીએ જ્યારે ૧૫ વર્ષની બાળકીને બદનામ કરી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવા કારણોસર ફરિયાદ મોડી કરેલ છે તેમજ જન્મનો દાખલો રાજકોટ જન્મ નોંધણી વિભાગમાં નોંધાયેલ હોય જેની નોંધ પણ થયેલી હોય તેમ જ સત્ય હકીકતના આધારે ૧૫ વર્ષની બાળકી પણ કોર્ટમાં બનાવને સમર્થન આપતા હોય ત્યારે આરોપીએ ગુનો કરેલ છે તે સાબિત થાય છે જે મતલબની રજૂઆતો કરવામાં આવી હતી. બંને પક્ષની રજૂઆત બાદ સરકારી વકીલ અને મૂળ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી સ્પે. પોક્સો કોર્ટે આરોપી વિજય ડાંગરને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકાર સરકારી વકીલ અતુલ એચ. જોશી અને આબીદ એ. સોસન તેમજ મૂળ ફરિયાદી વતી યુવા એડવોકેટ કલ્પેશ એલ. સાકરીયા રોકાયા હતાં.

# શહેરમાં આઠથી વધુ ચીલઝડપ કરનાર લોહાનગરની સમડી ઝડપાઈ

■ બે શખ્સોએ સગર્ભા પત્નીની સારવારના ખર્ચને કાઢવા એક માસમાં ૮ જગ્યાએ ચિલઝડપ કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમા છેલ્લા ૧ મહીનાથી સમડી ગેંગે આતંક મચાવી અલગ અલગ ૮ જેટલી ચીલઝડપને અંજામ આપ્યો હતો. અંતે આ સમડી ગેંગની ક્રાઈમ બ્રાંચે પાંખો કાપી બે શખ્સોની ધરપકડ કરી છે. ઝડપાયેલા લોહાનગરનાં શખ્સે સગર્ભા પત્નીની સારવારનો ખર્ચ કાઢવા મિત્ર સાથે મળી એક મહીનામા ૮ ચીલઝડપને અંજામ આપ્યો હોય આ બંને પાસેથી રૂ. ૪. ૫૨ લાખનો મુદામાલ કબજે કરવામા આવ્યો છે. માત્ર વૃધ્ધોને જ અને સાંજે ૭ થી ૮ વચ્ચે ચીલઝડપને





અંજામ આપનાર બંને શખ્સોની રીમાન્ડ પર વિશેષ પુછપરછ હાથ ધરવામા આવશે તેમજ સુત્રધારની માતાએ મદદ કરી હોય જેનાં વિરુધ્ધ પણ ક્રાઈમ બ્રાંચ કાર્યવાહી કરશે. ક્રાઈમ બ્રાંચની ટીમ કામે લાગી હતી અને પીએસઆઈ એ. એન. પરમાર અને એમ. કે. મોવલીયાની ટીમને સફળતા મળી હતી . એક જ મહીનામા ૮ ચીલઝડપ કરનાર ગોંડલ રોડ લોહાનગરમા રહેતા સુત્રધાર સુનીલ ઉર્ફે આર્યા ભાવેશ શીયાળ (ઉ.વ. ૨૧ ) અને લોહાનગરના જીતેશ ઉર્ફે જીની નરેશભાઈ દુધરેજીયા (ઉ.વ. ૧૯ ) ની ધરપકડ કરી હતી આ બંને પાસેથી સોનાની માળા, સોનાનાં ૪ ચેન તેમજ સોનાનાં ચેનનો એક કટકો તથા મોટર સાયકલ સહીત રૂ. ૪.૫૨ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે પુછપરછ કરતા જાણવા મળ્યુ કે ઝડપાયેલ સુનીલની પત્ની સગર્ભા હોય જેનાં પ્રસુતીનો ખર્ચ કાઢવા માટે સુનીલે ચીલઝડપનો પ્લાન બનાવ્યો હતો જેમા નીરાધાર તેનો મિત્ર જીતેશને સાથે લીધો હતો અને અલગ અલગ વિસ્તારમા ચીલઝડપને અંજામ આપ્યો હતો. સુનીલ અને જીતેશ બંને સાંજના સમયે ૭ થી ૮ ની વચ્ચે માત્ર વૃધ્ધ મહીલાઓને જ નીશાન બનાવતા હતા. સુનીલ પોતે મોટર સાયકલ ચલાવતો હતો અને પાછળ બેઠેલો જીતેશ વૃધ્ધાઓનાં ગળામા ઝોટ મારી ચીલઝડપ કરી ભાગી જતા હતા આ ગુનામા સુનીલની માતાએ પણ મદદ કરી હોય જેની પણ પોલીસ ધરપકડ કરશે. ચોરાઉ ચેનને તેની માતા વેચવાની વ્યવસ્થા કરી આપતી હતી. પકડાયેલા સુનીલ વિરુધ્ધ રાજકોટ કુવાડવા રોડ, આજીડેમ, માલવીયા, એ ડીવીઝન અને જામનગરમા લુંટ અને હત્યાની કોશીપ સહીતના ગુના નોંધાયેલા છે જ્યારે જીતેશ વિરુધ્ધ ભકિતનગરમા લુંટનો ગુનો નોંધાયેલો છે.

# ઓડિસાથી સાત કીલો ગાંજો વેચવા આવેલો શખ્સ ગૌતમનગરમાં ઝડપાયો


■ ગૌતમનગરમાં લાવેલો ૭ કિલો ગાંજો ૧૫ હજારમાં વેંચે તે પૂર્વે ઓડીસાના શખ્સને દબોચી લીધોઃ આરોપી ગુજરાતી ન વાંચી શકતા પોલીસે ઠરાવો હિન્દીમાં બનાવ્યા

## SOGની ટીમે પરપ્રાંતિમ શખ્સને દબોચી લઇ ગાંજાનો જથ્થો કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં એસઓજીએ અક્ષરમાર્ગ વિસ્તારમાંથી શખસને ૭ કિલો ગાંજા સાથે દબોચી લઈ રૂ. ૮૫ હજારનો મુદામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં માદક પદાર્થની હેરાફેરી કરતા શખસો ઉપર વોચ રાખવાની સુચના અનવ્યે



એસઓજીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે જમાદાર ઉપેન્દ્રસિંહ ઝાલાને બાતમી મળી કે અક્ષર માર્ગ રોડ પરના ગૌતમનગરમાં શખસ ગાંજાના જથ્થા સાથે પસાર થવાનો હોવાની બાતમી આધારે ટીમે વોચ ગોઠવી હતી.દરમ્યાન શંકાસ્પદ શખસ પસાર થતા તેને રોકાવી નામઠામ પુછતા પોતે ઓડિસાના ગણપતપરામાં રહેતો તરની અબેલ સુના ઉ.૨૫ હોવાનું જણાવ્યું હતું.પોલીસે શખસ પાસે રહેલ થેલાની ઝડતી લેતા તેમાંથી ગાંજાનો ૭.૯૩૫ કિલોગ્રામ જથ્થો મળી આવતા પોલીસે ફોન, ગાંજો, રોકડ રૂપિયા મળી કુલ ૮૫ હજારનો મુદામાલ કબજે કર્યો હતો.પોલીસની પ્રાથમિક તપાસમાં ઝડપાયેલ શખસ બે વર્ષથી રાજકોટમાં રહે છે. અને તેના વતન ઓડિસાથી ૫ હજારમાં ગાંજાનો જથ્થો લઈ શહેરમાં ૧૫ હજારમાં વેચવાનો હોવાની કબુલાત આપતા પોલીસે કાર્યવાહી કરી હતી.

# ભીલવાસમાં ઈગલ પેટ્રોલપંપમાં ચાલતી ગેરરીતી ઝડપાઈઃ પાંચ લીટરે ૩૫મીલીની કટકી

■ રાજકોટ તોલમાપ ખાતાની ટીમનું ઓચિંતુ ચેકીંગઃ પેટ્રોલની બે અને ડિઝલની એક સહિત ત્રણ નોઝલ સીલ કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તોલમાપ ખાતાની ટીમ દ્વારા ઓચિંતી ભીલવાસમાં આવેલ આઈઓસીના પેટ્રોલ પંપમાં ચકાસણી કરવામાં આવતા ગેરરીતિ ખૂલતા પંપની ત્રણ નોઝલ સિલ કરી દેવામાં આવી છે. પેટ્રોલ પંપમાં ઈધણ પુરાવવામાં આવતા વાહન ચાલકોને અપૂરતું ઈધણ આપવામાં આવતું હોવાનું તપાસમાં ખૂલવા પામ્યું છે.

નિયંત્રક કાનૂની માપવિજ્ઞાનના બી.ડી. ચૌહાણે જણાવ્યું હતું કે, આજે બપોર પછી તોલમાપ કચેરી દ્વારા ભીલવાસમાં આવેલ ઈગલ પેટ્રોલીયમમાં તપાસ હાથ ધરવામાં



આવતા વાહનચાલકોને ઓછુ ઈધણ આપવામાં આવતું હતું. પેટ્રોલ પંપમાં પાંચ લીટરે ૩૦-૩૫ ખઈક ઓછુ ઈધણ આપવામાં આવતું હોવાનું ધ્યાને આવ્યું હતું. પંપમાં નોઝલનું એવી રીતે સેટીંગ કરવામાં આવ્યું હતું કે, વાહન ચાલકોને એક લીટરે પણ ઓછુ પેટ્રોલ-ડિઝલ મળે. આથી ટીમ દ્વારા પેટ્રોલ પંપમાં બે પેટ્રોલની અને એક ડિઝલની નોઝલ સીલ કરી ઈધણનું વેંચાણ અટકાવી દેવામાં આવ્યું છે. આ અંગેનો કેસ ચલાવી હવે પંપ સંચાલકને દંડ ફટકારવામાં આવશે.

# માંડા ડુંગર વિસ્તારમાં યુવાને આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં

## સાળાની પત્ની તેના ઘરે આવતા સાળાએ બનેવી સાથે ઝઘડો કરતા ફાંસો ખાધો

શહેરની ભાગોળે આજીડેમ નજીક માડાડુંગરમાં સાળાએ ઘરે આવી ઝઘડો કરતા બનેવીએ ગળાફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સાળાની પત્ની ઝઘડો કરી તેના ઘરે આવી જતા સાળાએ ઘરે આવી બનેવી સાથે ઝઘડો કરતા લાગી આવવાથી આ પગલુ ભરી લીધુ હતુ. જાણવા મળતી વિગત મુજબ માંડા ડુંગરમાં રહેતા કલ્પેશ જગજીવનભાઈ મકવાણા (ઉ.વ.૩૪) નામના યુવાને આજે બપોરે પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે પરિવારજનો તેને બચાવી લઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરી હતી. પ્રથામિક તપાસમાં કલ્પેશ એક ભાઈ એક બહેનમાં નાનો અને સેન્ટીંગ કામની મજૂરી કરે છે. તેને સંતાનમાં એક પુત્ર છે. પાડોશમા રહેતો સાળો મયુર તેની પત્ની દેવીકા સાથે ઝઘડો કરતો હોય જેથી દેવીકા કલ્પેશના ઘરે આવી જતા સાળા મયુરે તેના ઘરે આવી કલ્પેશ સાથે ઝઘડો કર્યો હતો જેથી બનેવી કલ્પેશને લાગી આવતા તેણે આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યુ છે.

# રાજકોટમાંથી છેતરપીંડીના ગુનામાં ફરાર મહિલા ઝડપાઈ



અમરેલી જિલ્લાના બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈ અને વિશ્વાસઘાતના કેસમાં છેલ્લા ૬ મહિનાથી ફરાર આરોપી મહિલાને પકડી પાડી છે.આરોપી શબીનાબેન વિનુભાઈ વળવી વલસાડના પાનેરાની રહેવાસી છે. તે હાલમાં રાજકોટમાં રહેતી હતી. એલસીબી પીઆઈ વિજય કોલાદરાની ટીમે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી આરોપીને ઝડપી લીધી છે. પકડાયેલી મહિલાને બગસરા પોલીસને સોંપી દેવામાં આવી છે. પોલીસે તેની પૂછપરછ શરૂ કરી છે. અમરેલીના એસપી સંજય ખરાતની સૂચના મુજબ, એલસીબી ટીમ જિલ્લામાં ગુના આચરીને ફરાર થયેલા આરોપીઓને પકડવાની કામગીરી કરી રહી છે. પોલીસ ટીમ લિસ્ટેડ ગુનેગારો અને ગુના કરવાની ટેવ ધરાવતા શખ્સો પર ચાંપતી નજર રાખી રહી છે.

# હડાળા પાસે અજાણ્યા વાહનની ઠોકરે મોરબીના પ્રૌઢનું મોત

■ કોઠારિયા બ્રાંચના પોસ્ટમેન મોરબીથી રાજકોટ આવતા સમયે અકસ્માતનો ભોગ બન્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મોરબી રોડ હડાળા ગામથી રતનપર ગામ તરફ જતા રસ્તે સવારે હિટ એન્ડ રનની ઘટના બની હતી આ ઘટનામાં અજાણયા કારના ચાલકે બાઈકને ઉલાળતા ઘવાયેલા બાઈકના ચાલક પ્રૌઢને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા. જયા તેમનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ મૃતક મોરબીનાં રહેવાસફી અને હાલ રાજકોટની કોઠારીયા બ્રાન્ચમા પોસ્ટમેનની નોકરી કરતા હતા. તેઓના મોતથી પરિવારમાં શોક છવાયો છે. તેમજ મૃતકના પુત્રની ફરિયાદ પરથી અકસ્માત સર્જી ફરાર થયેલા કારના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના કન્યા છાત્રાલય રોડ પર ધર્મવિજય સોસાયટી વિજયપરા શીવમ



હાઈટ્સ ૩૦૩માં રહેતા રાજેશભાઈ શીવલાલભાઈ સુરાણી (ઉ.વ.૫૪) ગઈકાલે સવારે પોતાના ઘરેથી બાઈક લઈ નિત્યક્રમ મુજબ બાઈક લઈ રાજકોટની કોઠારીયા ગામે પોસ્ટની બ્રાન્ચે આવવા નીકળ્યા હતા. આ સમયે હડાળા ગામથી રતનપર ગામ તરફ આવતા પેટ્રોલપંપ નજીક તેના બાઈકને પુર ઝડપે આવેલા કારના ચાલકે ઉલાળતા રાજેશભાઈને ગંભીર ઈજા પહોંચી હતી અને તેમને ૧૦૮ મારફતે હોસ્પિટલે લઈ જવાયા હતા. જયા તેમનુ સારવાર દરમિયાન મોત નીપજ્ય હતુ.રાજેશભાઈને સંતાનમાં બે પુત્ર છે. તેમજ પોતે બે ભાઈ એક બહેનમાં નાના હતા તેઓ રાજકોટની કોઠારીયા બ્રાન્ચે આવેલ પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેનની નોકરી કરતા હતા.

# રાજકોટ સહિત રાજ્યના ૭ જેલરની બઢતી સાથે બદલી

■ રાજકોટ મધ્યસ્થ જેલમાં ડી.પી રબારી અને એ.આર કુરેશીની નિમણુંક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યની અલગ અલગ જેલમાં ફરજ બજાવતા સાત જેલરોની બઢતી સાથે બદલી તથા અન્ય પાંચ જેલરોની બદલી ગૃહવિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં રાજકોટ જેલમાં જેલર તરીકે ડી.પી.રબારી અને એ.આર. કુરેશીને મુકવામાં આવ્યા છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા અલગ અલગ જેલોમાં જેલર ગૃપ-૨ (વર્ગ-૩) તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને જેલર ગૃપ-૧ (વર્ગ-૨) કર્મચારીઓની હંગામી ધોરણે બઢતી સાથે બદલી કરવામાં આવી છે. તેમજ જેલર ગૃપ-૧ (વર્ગ-૨) ના અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરવામાં આવી છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ સચિવાયલ દ્વારા જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, અમદાવાદ તેમજ તેના નિયંત્રણ હેઠળની કચેરીઓ ખાતે જેલર ગૃપ-૨ (વર્ગ-૩) તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને જેલર ગૃપ-૧ (વર્ગ-૨) ને (સાતમાં પગાર પંચ મુજબ પગાર ધોરણ ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦, લેવલ-૮) ની જગ્યા ઉપર હંગામી ધોરણે બઢતી સાથે બદલી કરવામાં આવી છે. જેમાં ડી. પી. રબારી અમરેલી જિલ્લા જેલ વાળાની રાજકોટ મધ્યસ્થ જેલમાં, બી.પી.રબારી અમદાવાદ મધ્યસ્થ જેલવાળાની લાજપોર સુરત મધ્યસ્થ જેલમાં, આર.કે.ચાવડા અમદાવાદ મધ્યસ્થ જેલ વાળાની અમદાવાદ મધ્યસ્થ જેલમાં, ડી.આર.કંરગીયા જે.ઈ.જ.ની કચેરીની અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે, જે.આર. સિસોદીયા નડીયાદ જિલ્લા જેલની અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે, કે. કે. જાદવ અમદાવાદ મધ્યસ્થ જેલની નવસારી સબ જેલ ખાતે, પી.પી.પટેલ નવસારી સબ જેલની વડોદરા મધ્યસ્થ જેલ ખાતે બઢતી સાથે બદલી કરાઈ છે. જ્યારે જેલર ગૃપ-૧ (વર્ગ-૨)ના અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરવામાં આવી છે. જેમાં એ. આર. કુરેશી અમદાવાદ મધ્યસ્થ જેલની રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે, ડી. ડી. પ્રજાપતિ અમદાવાદ મધ્યસ્થ જેલની મોડાસા સબ જેલ ખાતે, ડી. એમ. ગોહિલની પાલારા ખાસ જેલ ભુજ થી મોરબી સબ જેલ ખાતે, એમ. એન. રાઠવા ગોધરા સબ જેલની વડોદરા મધ્યસ્થ જેલ ખાતે, ડી. વી. પટ્ટણી અમરેલી ઓપન જેલની પાલારા ખાસ જેલ ભુજ ખાતે નિમણૂંક કરવામાં આવી છે. તેમજ એલ. એમ. રાઠોડ, જેલર ગ્રુપ-૧, વર્ગ-૨ને તા.૩૦/૦૪/૨૦૨૪ થી ફરજ મોકૂફ કરાયા હતા જેમને ફરજ હેઠળથી પુનઃ ફરજ ઉપર સ્થાપિત કરીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે નિમણુંકે કરવાનો હુકમ ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

# અમદાવાદ હાઈવે પર અકસ્માતમાં ઘવાયેલા હીરાસરનાં યુવાનનું મોતઃ પરિવારમાં શોક




કાર હડફેટે ઘવાયેલા હીરાસરના યુવાન વિજય સોલંકીનું સારવારમાં મોત નીપજ્યું હતું. વિજય મોટર સાયકલમાં પેટ્રોલ પુરાવી પરત ઘરે આવતો હતો ત્યારે અમદાવાદ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો છે. એરપોર્ટ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. ફરિયાદમાં મૃતકના પિતા ભીમાભાઈ ચોથાભાઈ સોલંકી (ઉ.વ.-૬૨, રહે- હીરાસર ગામ)એ જણાવ્યું કે, હું મજુરીકામ કરું છું. મારે સંતાનમાં ત્રણ દિકરા તથા ત્રણ દિકરીઓ છે. જેમાં સૌથી નાનો દિકરો વિજય છે. ગઈ તા-૧૯/૨/૨૦૨૫ના રોજ સાંજના આશરે સાડા છએક વાગ્યે મારો દિકરો વિજયભાઈ સ્પલેંડર મોટર સાયકલ રજી.નં-જીજે -૦૩-એમએફ -૨૦૩૬ વાળુ લઈને હીરાસર ગામથી રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ગામ પાસે આવેલ બંસલ પેટ્રોલ પમ્પ ખાતે મોટર સાયકલમાં પેટ્રોલ નખાવા માટે ગયેલ હતો. બાદ સાંજના આશરે સાતેક વાગ્યે વિજય પેટ્રોલ નખાવીને પરત હીરાસર ગામ તરફ આવવા માટે રોડ ક્રોસ કરતો હતો દરમીયાન ચોટીલા તરફથી એક અર્ટિંગા મોટર કાર જેના રજી.નં- જીજે -૧૦-ઈસી -૫૯૫૯ હતા. તે પુર ઝડપે આવેલ અને વિજયને મોટર સાયકલ સાથે હડફેટે લઇ રોડ પર પછાડી દીધેલ. વિજયને માથાના પાછળના ભાગે તથા ડાબા પગમા ઘુંટણથી નીચે ઈજા થયેલ હતી. કોઈ જાણીતા માણસનો મારામાં ફોન આવેલ અને કહેલ કે તમારા દિકરાનું અમદાવાદ- રાજકોટ હાઈવે પર બામણબોર ગામ પાસે બંસલ પેટ્રોલ પમ્પની સામે અકસ્માત થયેલ છે. તેને કુવાડવા સરકારી હોસ્પિટલ લઇ જાય છે. આમ વાત કરતા હું કુવાડવા સરકારી હોસ્પિટલ ગયેલ હતો. ત્યાં વિજય બેભાન હાલતમાં હતો. તેને વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યો હતો. ત્યાં ડોક્ટરે વિજયને જોઈ-તપાસી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાનુ જણાવતા અમે પ્રાઈવેટ એમ્બ્યુલનસમાં અમદાવાદ સિવિલ સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયેલ. જ્યાં ચાલુ સારવાર દરમીયાન તા.૨૨/૦૨ ના રોજ વિજયનું મોત થયું હતું. એરપોર્ટ પોલીસે જીજે -૧૦-ઈસી -૫૯૫૯ નંબરની અર્ટિંગા કારના ચાલક સામે ગુનો દાખલ કર્યો છે.